આગે કદમ્ !

Regd. No. B.3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૮ મો.
શનીવાર તા. ૧-૨-૩૬

## સમાજના દુરાગ્રહનું પરિણામ.

આ નવિન જગતમાં તર્કને અવકાશ નથી, સૈકાઓના અનુભવને તિલાંજલી મળે છે, શાસ્ત્રોની અવગણના થાય છે, જ્ઞાતિઓ અને રૂઢીઓ તુટે છે, સમાજમાં બંડ થાય છે, પતિ પદભ્રષ્ટ થાય છે, સ્નેહની સ્થાપના થાય છે, સ્ત્રી સ્વતંત્ર બને છે અને એમાં આદર્શ પ્રાપ્ત થતી હોય એમ માની લેવાય છે.

ક્રાન્તિવાદનો હિમાયતી ઝીણવટથી જોઇ શકતો નથી. એનું તો એક જ લક્ષ્ય હોય છે અને ગમે તે ભોગે તેની સીધ્ધિ અર્થે તે પ્રયત્ન કરે છે. એમાં અનેક નિર્દોષોનો ભોગ લેવાય છે, અનેક સુંદર વસ્તુઓ નાશ પામે છે. યુગોની મ્હેનત છુટી પડે છે પણ એ બધું જોવાની ક્રાન્તિવાદીને નવરાશ કે ફિકર હોતી નથી.

આજના જુવાનને સૌ કાંઇ રસાતળ કરવું છે. સમાજના ગણ્યા ગાંઠ્યા દોષો ખાતર સમસ્ત સમાજને છિન્ન ભિન્ન કરવી છે. અને એની વાત પણ સાચી છે. ત્યાં લગી સમાજ સુધરવાની પણ નથી. એક વાર આજની સમાજ નિર્મૂળ થશે ત્યારે જ એના ખંડીએર–Debris માંથી નવિન સમાજ જન્મ પામશે અને ત્યારે જ પુરાણ ચિલાઓ ભૂંસાશે એમ લાગે છે, એ ખરૂં છે કે ફરી વાર આપણે એવી જ સમાજ રચવી પડશે ને ફરી વાર સૌને વર્ણાશ્રમોની અગત્ય લાગવા માંડશે. સારામાં સારા લડવૈયાઓને ઉત્પન્ન કરવા સંસ્કૃતિ શાસ્ત્ર, વૈદક શાસ્ત્ર, અને સંતતિશાસ્ત્રના પંડિતો જે પુરૂષ કે સ્ત્રીની રગોમાં સિસોદીઆનું ટીપું પણ લોહિ હશે તેની શોધ કરવા માંડશે ને ફરી વાર ક્ષત્રિય જ્ઞાતિ ઉત્પન્ન કરાવશે. સારામાં સારા આચાર્યો માટે બ્રાહ્મણો સરજાશે–સમયનું ચક્ર વધુ ફરશે ત્યારે વળી એક વાર સ્ત્રી સરખા હકક કરતાં વધારે પૂજાની અધિકારી છે એ સંસ્કૃતિનું ધોરણ ગણાશે–એ કાંઇ સાંભળતો, વિચારતો નથી ને બીજી બાજુએ સમાજ એટલી Conservative–Unadaptive, બુધ્ધિશુન્ય, મૂઢ, અને જડ થઈ છે કે બંડ શિવાય આરો જ નથી. અને આજની સમાજની રખ્યામાંથી જ નવા જીવન્ત સમાજ સરજી શકાય એવું લાગી આવે છે. માત્ર દુઃખ એટલું જ થાય છે કે આજની સમાજના દુરાગ્રહના પરિણામે આટઆટલાં યુગોના અનુભવ ને સંસ્કૃતિ એળે જવાનાં અને પાછાં ફરી ફરીને આપણે ત્યાં ને ત્યાં આવી રહેવાનું.

ગુજરાતમાં સામાજીક બંડની તૈયારીઓ થઈ રહી છે, જુના વાડાઓ તુટ્યા છે. આમન્યા અને મર્યાદાનો ભંગ થઇ રહ્યો છે. જ્ઞાતિની સાંકળો સરી જવા માંડી છે. વિધ્વાઓએ પૂછીને કે વગર પૂછીને પરણવા માંડ્યું છે અને ગુજરાત તે તરફ આંખ મીંચામણાં કરતું તેણે હવે પરણનાર દંપતિને અભિનંદન આપવા માંડ્યાં છે. આમ સામાજીક બંડની સામગ્રીઓ તૈયાર થઈ છે. કઇ ઘડીએ આ પુરાણી સમાજ છિન્ન ભિન્ન થઇ નહિ જાય એ પ્રશ્ન છે.

[ જીવનવ્હેણના ઉપોદ્ઘાતમાંથી ]

—ચંદુભાઈ ઉમરવાડીઆ.

# ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧-૨-૩૬ :—

## આગે કદમ્ !

કલ્પના કરી શકો છો ? અંધકારનાં ગાઢાં તીમિર જ્યાપ્યાં હોય, દિશાસૂઝ ન પડતી હોય, પાણીમાં તોફાન જામ્યાં હોય ત્યારે દૂર દૂર ઝગમગી ઝગમગી વિલીન થતી દીવાદાંડીની દિવાબત્તીને આદર્શ સ્થાપી નાખુદો જ્હાણ હંકારતો હોય છે ત્યારે શી તમન્ના, કઇ કર્તવ્યબુધ્ધિ ને કેટલાં પ્રેમ પૂર્વક એ પ્રયાસો કરી રહ્યો હોય છે !

સામાન્ય જનસમૂહથી, ગાડરીયા ચિલાઓથી તમે કંઇક જૂદા પડો, કે કંઇક નવું આચરો કે બોધો કે વિકાસ મેળવવા નવા માર્ગો પકડો અને કૂચ શરૂ કરો કે તરતજ જૂના ચિલા પ્રેમીઓ, તેના દ્રષ્ટીઓ અને સૌનું ભરાબ જ કરવા માગતો એક વર્ગ—જે માણસ શરિરે ને દરિદ્ર વિચારે છે ને કોઇ કાળેય વિકાસ સાધી નથી શકતો તે તમારી સામે પ્રચાર કરી રહેશે. હાસ્ય, ઉપહાસ, તોછડાઇ, તિરસ્કાર અને કલંક—ઉપકલંકોથી તમને એ ઢાંકી દેવા પ્રચાર કરશે. કૂચના તમારા માર્ગ પર કાંકરા ને કાંટા વેરશે.

કોઇ ક્રાંતિકારનું, કોઇ સમાજ સુધારકનું, કોઇક ન્હાના કે મ્હોટા નેતાનું, જીવન ચરિત્ર તમે જો જો અને એની ખ્યાતિના મૂળમાં આ વસ્તુ તમે જોઇ શકશો. અપજશ ને ઉપહાસના અગણીત ઘા એણે સહ્યા હશે, અને ઘા સહેતાં, અડગ હિમ્મતથી એના માર્ગે એણે કૂચ કરી હશે તો જ લોકમતે એને નમતું આપ્યું હશે અને તો જ એણે ખ્યાતિ પ્રાપ્ત કરી હશે.

ગારૂડી સર્પ જુએ છે. સંગીત શરૂ કરે છે. સર્પ પ્હેલાં તો એની અવગણના કરે છે, ડંખવા મથે છે, ધ્યેય સિદ્ધિ અર્થે એ તો એકતાને સાધ્યને દ્રષ્ટિ સમક્ષ રાખીને સંગીતની આરાધના કર્યે જાય છે. સર્પને સંગીતનો સ્પર્શ થાય છે. નમ્ર બનીને એ શાંત બને છે......અને ગારૂડી એ વશ થયા સર્પને ઝોળીમાં અદ્રશ્ય કરે છે.

લોકમતની કેટલેક અંશે જ સરખામણી કરી શકાય. ડંખવા મથતા લોકમતને જ્હેણે નમતું આપ્યું છે, પ્રતિષ્ઠા જાળવવા જ્હેણે સિધ્ધાંતો છોડયા છે, અને અપજશ ને ઉપહાસથી ડરીને જ્હેણે કૂચના રાહ બદલ્યા છે તે સ્વત્વ ગુમાવી બેઠા છે. વિકાસ કરી શકયા નથી...અને તિડના ટોળાં જ્હેવાં માનવવૃંદમાંના એક બની બેઠાં છે.

અને એથી જ ગઇકાલ જ્હે સુધારક લાગતા, ક્રાન્તિકાર મનાતા એ આજે પછી પડેલા લાગે છે. લોકમતને માન આપવાની, જ્હેના ત્હેણને સાથ આપવાની એ વાતો કરતા હોય છે. ગઇ કાલ કરતા હતા ત્હેથી સુધારાનો એ જૂદો અર્થ કરવા લાગે છે - કારણ કે લોકમતની સ્હામે થવા જ્હેટલી નિડરતા અને સિદ્ધાંત પ્રત્યેની એટલી મક્કમતા એમનામાં હવે રહી નથી. અને એથી દરેક કાર્યમાં સગવડ અને સિદ્ધાંતો વચ્ચે આ વર્ગ સમાધાન શોધતો ફરે છે.

પણ સાચે જ જ્હે લોકમત કેળવવા માગે છે એ ચિલારૂઢ બની ગએલા લોકમતને માન આપતો નથી, સિદ્ધાંતની એની ભક્તિ પાછળ. સાધ્ય લક્ષમાં રાખીને એ આગે ને આગે કૂચ કરતો હશે. વિરોધોથી એ ત્રાસશે નહિ. કેદથી એ ડરશે નહિ પામર બનીને એ પાછો હઠશે નહિ.

ભગવાન મહાવીરથી માંડીને મોહનદાસ ગાંધી અને વિઠ્ઠલભાઇ પટેલ સુધીના તમામ લોકનેતાઓના પ્રારંભીક કાર્યોમાં અગણીત મુશ્કેલીઓ હતી. લોકો એમનો ઉપહાસ કરતા, કટાક્ષ વેરતા અને હેતુ વિના ડંખક્ષ કરતા. કાંટાળા એ માર્ગો પર આ બધા ચાલ્યા... સિદ્ધાંત પ્રત્યે વફાદાર રહ્યા અને એમની અડગતાથી ઉપહાસ વેરતા લોકમતને એમણે વશ કરી દીધો.

કાર્લ માર્કસ, વોલ્ટેર, લેનીન, પીટર ક્રોપોટકીન અને આપણા સક્લાતવાળા ગઇ કાલે પાગલ મનાતા. આજે હજારો મનુષ્યો એમનાં સ્મરણ તાજાં કરી ભીનાં બને છે.

ન્યુટન, એડીસન અને ફોર્ડ એક વેળા મુર્ખ મનાતા. આજે જીવન સગવડો આપવા માટે એમનો આભાર મનાય છે.

આપણા મહાસભાવાદીઓને નવરા, અભણીયા અને અક્કલ વિનાના કહેનારા સરકારી અમલદારો અને મવાલ આગેવાનો આજે વંદન કરે છે. શ્રીનિવાસ શાસ્ત્રી જ્હેવા મરાઠુર મવાલ આગેવાની મહાસભાને હિંદી શક્તિના અજાડ સમુચ્ચય તરીકે વર્ણવે છે.

એટલે કે જ્હેણે ક્રાંતિનાં બીજ વેર્યાં છે એ સંસ્થા કે વ્યક્તિના માર્ગ સુંવાળા ન્હોતા. ચિલારૂઢ થએલ લોકોએ, એમના જ જોડીદારોએ, એમના જ મિત્રોએ એમના માર્ગ પર વેરેલા કાંટા ને કાંકરા પર કૂચ કરીને અથાક હિમ્મતને અથાક પ્રયાસથી એ સૌએ વિકાસ સાધ્યો છે—કલ્યાણ કર્યું છે.

વિરોધી બનતા લોકમતને તપાસજો જરૂર. તમારી ભૂલ હોય તો સુધારજો જરૂર. પરંતુ તમને લાગે કે તમારો રાહ બરાબર છે, એથી તમારો ઉત્કર્ષ છે તો વિરૂધ્ધ બનતા લોકમતને માન આપવા માર્ગ ચૂકશો નહિ. નિર્બળ બનીને સ્થિર ન થઇ જશો. કાયર બનીને કંટાળી જશો નહિ.

પેલા નાખુદાની માફક ધ્યેય પર નજર ફેરવીને, આત્મશ્રધ્ધા રાખીને, પૂર ઉત્સાહથી કદમ્ બ કદમ્ આગે કૂચ કર્યે જજો. વિરોધી લાગતો, ડંખ દેવા માગતો લોકમત પેલા સર્પની માફક, તમે એનું કંઇક કલ્યાણ કર્યું હશે તો તમારા કરંડીયામાં પૂરાઇ જશે.

---

## કેસનું સમાધાન.

**અમદાવાદથી નીકળતા 'જૈન જ્યોતિ' પત્રના તંત્રી અને મુદ્રક ઉપર વહોરા નરસીભાઇ નથુભાઇએ ઈ-પી-કો-કલમ ૫૦૦ મુજબ બદનક્ષી કેસ કરેલ તેની તા. ૨૪-૧-૧૯૩૬ના રોજ સુનાવણી નીકળતાં જૈન જ્યોતિના તંત્રી અને મુદ્રકે દીલગીરી જાહેર કરવાથી ફરીયાદીએ ફરીયાદ પાછી ખેંચી લેવાથી કેસનું સમાધાન થયું છે.**

# ડૂબતું વ્હાણ.

વ્હાણ હલેસાયું અને પશ્ચિમ દિશામાંથી એકાએક તોફાની વાયુ છૂટયો. તોફાન આવે છે એવી થોડી પણ આગાહી મળી હોત તો વ્હાણમાં આરોહીઓને બેસારતા વિલંબ કરત; તોફાન નીકળી ગયા પછી વ્હાણ હંકારત.

વ્હાણમાં માત્ર બે જ આરોહી હતા. બન્ને મુનિ જેવા લાગતા. બન્ને એક બીજાને ઓળખતા હોય, પણ પૂર્વપદને લીધે અબોલા લીધા હોય એમ તેમના વર્તન ઉપરથી દેખાઈ આવતું હતું.

મુનિરાજો જુદી જુદી દિશામાંથી આવ્યા હતા. પરંતુ અમારા ગામની ભૌગોલિક સ્થિતિ એવી હતી કે દાખલ થવા માગનારને એક જ માર્ગે ગામમાં આવવું પડે.

ગામ ફરતી મોટી નદી હતી. અને ગામથી થોડે જ દૂર મહેરામણ ઘૂઘવતો હતો. ગામમાં આવનાર મુસાફરને, હોડીની મદદથી નદી પાર કરવી પડતી.

સમી સાંજ થઈ જવાથી વ્હાણ હંકારનારાઓ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા હતા. જૈન ધર્મના બે મુનિરાજ; સામે કાંઠે પડી રહે એ ઠીક નહીં એમ લાગવાથી, એક જૈન યુવાને, બે મુનિરાજોને હોડીમાં બેસારી હલેસા મારવા શરૂ કર્યાં.

પવન બેસુમાર ફૂંકાતો હતો. આરોહીઓને એની ચિંતા ન હતી. શાસનદેવની કૃપાથી હોડી સહિસલામત પહોંચવી જ જોઈએ એવી તેમને શ્રદ્ધા હતી.

સરસરાટ કરતી હોડી આગળ ધપી.

સાવ મૌન બેસી રહેવું ઠીક ન લાગવાથી એક મુનિરાજ, યુવાનને સંબોધીને કહેવા લાગ્યા :

“નયસારના ભવમાં અને એ પહેલાના ભવમાં પણ તેઓ પરાર્થ વ્યસની હતા કે નહીં? તું શું માને છે?”

યુવાન એ પ્રશ્નનો મર્મ ન સમજ્યો. વચમાં બીજા સાધુ ગર્જી ઉઠ્યા : “એમ અડધેથી વાતનો આરંભ કેમ કરો છો? લલિતવિસ્તરાનો પાઠ, પહેલાં રજુ કરો: શાસ્ત્રાર્થના સામસામા પડકાર થવા દો.

‘આકાલમ્’ના અર્થ માટે પંડિતોની સભા ભરો. વિજય મેળવવો કંઈ રમત વાત નથી.”

હોડીમાં જ કદાચ યુદ્ધક્ષેત્ર ઉભું થશે એમ ધારી યુવકે આજીજી કરી: “આપ ઘણા અગત્યના પ્રશ્નો ચર્ચવા માગતા હશો, એમ હું તમારા શબ્દો ઉપરથી જોઈ શકું છું. પણ અત્યારે કાળ, ક્ષેત્ર અનુકૂળ નથી.”

“તારો પોતાનો શું અનુભવ છે? હું તને જ પૂછું છું.” પહેલા મુનિરાજે હુંકાર કર્યો.

“એ વિષયમાં હું સાવ અજાણ છું.” યુવક હલેસા મારતા બોલ્યો. એની દૃષ્ટિ ઉંચે આકાશ અને નીચે કીનારાના અંતરને માપી રહી હતી.

“આવા અજ્ઞાનીઓને માટે ભવસાગરમાં ડૂબી મરવાનું જ નિર્માએલું હોય છે. નયસાર અને વાલી મુનીશ્વરની વાત પણ તમે નથી જાણતા તો પછી તમારો ઉધ્ધાર શી રીતે કરી શકવાના હતા?” દાબથી છંછેડાએલા સાપની જેમ મુનિજીએ વરાળ કાઢી.

હું તો પહેલેથી જ કહેતો આવ્યો છું કે આવા જુવાનોને કેળવવા એ તો તેમને સંસાર સમુદ્રમાં બુડાડી મારવા જેવું અધમ કાર્ય છે, વર્તમાન કેળવણીનો હું એટલા માટે જ વિરોધ કરું છું.” બીજા મુનિરાજે ક્ષતમાં ખારો ભભરાવ્યો.

“ભગવન્! ભગવન્! સંસારસમુદ્રમાં આથડતા આવા જુવાનીઆઓ કઈ રીતે કીનારે પહોંચવાના હતા?” બન્ને મુનિરાજના મુખમાંથી શોકોદ્ગાર સર્યા. પોતાના સિવાયના બધા જ માણસો આ ભવસાગરમાં અધવચ્ચે ડૂબી મરવાના છે એ વાતમાં બન્ને સમ્મત હોય એમ લાગ્યું.

એટલામાં તો પવનના એક સુસવાટાએ હોડીને સ્હેજ ઝુકાવી દીધી. હોડીમાં થોડું પાણી પણ ભરાયું. બન્ને મુનિરાજોએ જળસ્પર્શના ભયથી પગ સંકોર્યા.

“અમારૂં ગમે તે થાય, પણ આપને તરતાં આવડે છે કે નહીં?” યુવકે મુનિરાજોને સામે એક પ્રશ્ન કર્યો. એને ભય લાગ્યો કે રખેને હોડી સામે કીનારે પહોંચતાં પહેલાં—વચ્ચોવચ ઉંધી વળી જશે.

મુનિરાજો એક-બીજા સામે ટગર-ટગર જોઈ રહ્યા. કારણ કે બેમાંથી કોઈને તરતાં આવડતું ન્હોતું. ભવસાગરની ભયંકરતાનાં અનેક રોમાંચક ચિત્રો શ્રોતાઓની આગળ એમણે દોર્યાં હતાં. એમની વ્યાખ્યાન કળા ઉપર લોકો મુગ્ધ પણ બન્યા હતા. પરંતુ સંસારના સામાન્ય સમુદ્રો તો શું, ન્હાની નદીઓનાં વ્હેણ અને તોફાન એમનાથી અજાણ્યા જ રહ્યા હતા.

“મહારાજ! નયસારની વાત ભૂલી જાઓ—નાસ્તિકોની વાત પણ એક બાજુ રાખી મૂકો : જુઓ આકાશમાં કાળાં વાદળ જામે છે. પવન જાણે કે હોડીને ઉંધી વાળવા મથતો હોય તેમ તાંડવ નૃત્ય કરતો વહે છે. આપને આ તોફાનમાંથી જીવતા ઉગરવું હોય તો તરવાને માટે તૈયાર થઈ જાઓ! હોડી હવે હાથમાં નથી!” બાજ જેવા યુવાને આખરી નિર્ણય સંભળાવ્યો.

ગ્રંથોમાં વર્ણવેલા ભવસાગર કરતાં પણ, પ્રત્યક્ષ સંસારની નદીઓનાં પાણી ઘણા વિકરાળ હોય છે એ વાતનું એમને આજે પહેલી જ વાર ભાન થયું. નયસારનો પૂર્વભવ, હોડીને ડૂબતી બચાવી શકે એ અસંભવિત લાગ્યું.

એટલામાં તો પવનનો એક ધક્કો લાગતાં, હોડી નૃત્ય કરી ઉઠી! બીજી વાર જ્યારે સપાટી ઉપર આવી ત્યારે તેમાં કોઈ પણ આરોહી ન હતો. યુવાન તો તરીને માંડ કાંઠે આવ્યો: પણ પેલા બે સાધુઓનું શું થયું તેનો કંઈ પત્તો મળી શક્યો નહીં.

**ઉપન્યાસ**:—સંસાર એક સમુદ્ર છે. વીસમી સદીએ જૈન સમાજ રૂપી હોડીની આસપાસ એક પ્રચંડ તોફાન ઉભું કર્યું છે. જૈન સમાજનું અસ્તિત્વ જોખમમાં આવી પડ્યું છે. યુવાનો, હોડીને હલેસા મારી રહ્યા છે. જૈનધર્મના નેતાઓ—મુનિવરો વર્તમાનને ભૂલી, પૂર્વભવ અંગે વાદવિવાદ—શાસ્ત્રાર્થ ચલાવી રહ્યા છે. તેઓ પોતે, ડૂબતી હોડીના મુસાફર છે એ વાત ભૂલી ગયા છે. નવા જમાનાના વાવંટોળ જોવા છતાં, આંખ આડા કાન કરીને બેઠા છે. એમના શાસ્ત્રાર્થ એમને બચાવી શકતા નથી. હોડી ઉંધી વળે છે. અકાળ પ્રલયની શાંતિ પ્રસરે છે.

# ચોપાટાની ચોવટ.

( તા. ૧-૧-૩૬ ના અંકથી શરૂ )

જે બાળકો સમાજ ને દેશના શહેરી થવાં સર્જાએલાં છે તેને ઉત્તમ શહેરી તરીકે બનાવવાની ફરજ મા-બાપની છે. બાળકોનું બાળપણ ભણવામાં, રમવામાં, કુદવામાં, ખેલવામાં અને ઉત્તમ સંસ્કારો પાડવામાં જવું જોઇએ. તેને બદલે તમે તમારા લ્હાવા ખાતર, મોટાઈ ખાતર લાકડે માંકડાં વળગાડી દઈ સગીર બાળકોનાં લગ્ન કરી સમાજ શક્તિને પાયમાલ કરો છો. આથી સમાજની શારીરિક શક્તિ પાયમાલ થઈ અને સમાજ શરીર પર અનેક આફતનાં ઓળાં ઉતર્યાં એની વસ્તી ઘટી જતાં એ પટેલ ને શેઠશાહીએ કોઇ દિ' વિચાર સરખોએ કર્યો છે ? શું કરવા કરે ? એને માલેતુજાર માલીકોને પોષવામાં કાળજી રાખી છે. બીજું કર્યું છે શું ? ત્યાં તો ઉમ્મરે ત્રીશ વર્ષનાં યુવાન પણ વિચારે વૃદ્ધ નગીનનાગડા અકળાઇ ઉઠયાં.

અમે જાણીએ છીએ કે તમે સમાજનું હાલર ફીટાવવા બહાર પડયાં છો, પણ જેમ આવે તેમ મુરબ્બીઓ પર આક્ષેપ કરતાં વિચારજો ! નહિ તો જેવા જેવી થશે ! ત્યાં તો મગનકાકાએ નગીન નાગડાનું કાંડું ઝાલી હળવો પાડયો ને બે હવાં વેણ કહી દબાવ્યો.

કાકા—નવનીત ! તું કહે છે કે પૈસાદારો અમારા માલીક છે. એને પોષવા માટે અમે કાળજી રાખીએ છીએ. આ તું આક્ષેપ નથી કરતો ?

નવનીત— કોઈ ગરીબ કે સાધારણ તમારા બંધારણથી સ્હેજ ઉપરવટ જશે, તો તેને પીંખી નાખશો અને કોઇ વગવસીલા વગરનો કન્યા બહાર દેશે તો હેરાન હેરાન કરી મુકશો. કોઈ બાળ વિધવા પુનર્લગ્ન કરશે તો તેને પીસી નાખશો. સાસુસસરાની, દીયર-જેઠની ચક્કીમાં કોઇ વિધવા પીસાતી હશે અને રોડ નાખતી આવશે તો હસી કઢાડશો. મરજી આવશે તેને ન્યાત ને ઘોળ બ્હાર કરશો. તેને ન્યાત કે ઘોળમાં આવવું હશે ત્યારે અરજી માગશો, જામીન માગશો, દંડ કરશો એવી કેટલીયે વિધિઓ થયા બાદ તેના ઉપર મહા ઉપકાર કરતા હો તેવી રીતે વર્તશો. જ્યારે કોઇ માલદાર માનવી પંચાવન વર્ષે બાર વર્ષની બાળા સાથે જો પરણવા નીકળશે તો પાઘડી ઉપર છોગાં ઘાલી લગ્નમાં ભાગ લેશો. કોઇ પોતાની દીકરી બહાર દેશે તો તે રૂપીયાના જોરે ઢાંકશે અને તમે ઢંકાશો. કોઇ એક ઉપર બીજી લાવશે તો કાન આડા હાથ કરશો. અરે ! કાયદા થકી છુટ આપશો. અને અનેક લાગવગ લગાડશો. કદાચ અણઘટતા સંજોગોમાં કોઇ વહેવારથી બહાર થયા હશે તો અનેક પ્રપંચો ખેલીને જુવાનોને દબાવી દેશો, ને ગમે તે ભોગે સામે પગલે જઇને તેના કપાળે કુંકુમ તિલક કરી એ માલેતુજાર માનવીને ભેળવી લેશો. એટલે અનેક રીતે તેમને રક્ષણ આપશો. આવી તમારી લાગવગ ને ખુશામતી મનોદશા છે. આ સિવાય તમારી કામ કરવાની પધ્ધતિ કેવી છે ? ગોર કે માણસ ફેરવી ન્યાત ભેગી કરશો. રાબેતા વખત પ્રમાણે ન્યાતીઓ ભેગા થશે. બે ત્રણ કલાક સુધી સહુ બગાસાં ખાશે. આખરે બે ત્રણ તેડે પટેલો ને માલદાર પધારશે એટલેકા-મ કાજ શરૂ થશે. એનો અર્થ એ થયો કે બે ત્રણ આગેવાનો એટલે ન્યાત. બાકીના સૌ મફતીયા. ત્યાં બ્હેનો માટે તો સ્થાન જ ક્યાં છે ? કામકાજ શરૂ થતાં કલાક-બે કલાક તો સૌ ચુપચાપ રહેશે. કોઇ કામ રજુ કરશે જ નહિ. આખરે લોક કંટાળી જવા માંડશે, કોઇ આડા થશે કે ધાર્યું કામ પાર કરી તમે ચાલવા માંડશો. ન મળે કોરમ કે ન મળે કામકાજની નોંધ ! લાયક કે નાલાયક વંશ પરંપરાનો શેઠ પ્રમુખના તરીકે બેસશે. કોઇ સાચી વાત કહેવા ઉઠયો કે બેસાડી દેશો. માથાકૂટ કરનારા માથાકૂટ કરતા રહેશે ને તમે ચાર જણ નક્કી કરીને આવ્યા હશો તે જ પ્રમાણે કામ ખાટોમાં લેશો. આ તમારું વહીવટી ધોરણ વ્યાજબી છે ? તમારા કાયદા તપાસો તો જણાશે કે સગપણ ને લગ્ન અંગે, ખાવાં પીવાના, આપ લે કરવાના, એટલે કન્યા લેવડ-દેવડ સિવાયના સમાજ ઉન્નતિ અંગે કોઇ નિયમ છે ? એ કહેશો ?

કાકા—ન્યાતોનાં બંધારણ તોડી નાખી બધું એકાકાર કરવાથી સમાજની ઉન્નતિ થશે ?

નવનીત—હા—

કાકા—શી રીતે ?

નવનીતઃ—પહેલાં તો હાલની ન્યાતો; ઘોળો અને તડોનાં બીન ઉપયોગી બંધારણ દૂર કરી તેના સ્થળે નવાં બંધારણ બાંધશું. તેમાં વાડા જેવું કશું નહિ હોય.

સમગ્ર જૈન સમાજ સાથે કન્યા લેવડ દેવડની છુટ હશે તમામ ભાઇ બ્હેનને સરખા હક્ક રહેશે. પુરૂષ અને સ્ત્રીમાં ઉચ્ચ નીચનો ભેદ નહિ હોય.

લગ્ન અંગે જેટલાં હક્ક પુરૂષ ભોગવશે તેટલાજ હક્ક સ્ત્રી ભોગવશે. વિધવા અને વિધુર પ્રત્યે માન રહેશે. બાળલગ્ન, વૃદ્ધ વિવાહ, કન્યા વિક્રય, એક ઉપર બીજી અને રડવા કુટવાના હાનીકારક રિવાજો તરત બંધ થશે કુમાર અને કુમારીનાં સગપણ તેમની સંમતિથીજ થશે. કેળવણી માટે ખાસ નિયમો ઘડાશે. કેળવણીના સાધનો ઉભા કરવામાં આવશે. શારીરિક કેળવણી માટે વ્યાયામ મંદિરોની ગોઠવણો થશે. કુમારીકાઓને કેળવણી આપવા તરફ લક્ષ આપવાના ખાસ નિયમો ઘડાશે. બેકારો માટે રોજગારની યોજનાઓ ઘડાશે. વહીવટ ભેદભાવ વગર બંધારણસર ચાલશે. પટેલશાહી અને શેઠશાહી જેવી પેઢી ઉતાર સત્તાઓ નાબુદ થશે સમાજ રૂપી વૃક્ષને નવપલ્લવ બનાવવા પુરતી કાળજી રહેશે. આ વ્યવસ્થા થતાં સમાજની ઉન્નતિ નહિ થાય ?

કાકા—જરૂર થાય.

નવનીત—તો પછી એ બીન ઉપયોગી તંત્રને ફગાવી દઈ ઉપયોગી સુધારા માટે કમર કસોને ?

કાકા—મને એ બધું થવું આકાશ કુસુમવત્ લાગે છે. એટલે જુનું સોનું ગણી બેઠાં છીએ, ત્યાં તો ચોપટે પગ મૂકતાં જ રવો આશ્ચર્યથી બોલી ઉઠયો:—

એ..............મગન કાકા સાંભળ્યું ?

—અપૂર્ણ.

# "માર્ગ ભૂલ્યા"ની નોંધનીશીમાંથી.

સંપાદક : : શ્રી. 'આનંદી'

......રખડતાં એક નોંધનીશી જડી. રજા વિના નોંધનીશી નહિ વાંચવાની શાહુક હું રાખી શક્યો નહિ. માનસશાસ્ત્રના અભ્યાસીને જોઈને શીખ છે તે આમાંથી ઘણું જાણી શકશે. વિશ્વાસ વધતાં માનવોનાં જીવનનાં દૃષ્ટિકોણો અને જુદાં જુદાં જીવન મૂલ્યો જાણવાં જ્ઞાનની દૃષ્ટિએ ખૂબ ઉપયોગી છે. આ નોંધનીશીકાર એનું દૃષ્ટિકોણ સરસ રીતે ને નિખાલસતાથી વર્ણવે છે.

એના લખનારનું એમાં નામ નથી. પૂરૂં વાંચ્યા પછી મ્હેં એને 'માર્ગ ભૂલ્યા'નું ઉપનામ આપ્યું છે. તમે એથી ચીડાશો નહિ. પૂરે વાંચ્યા પછી, મ્હને ખાત્રી છે કે યોગ્ય ઉપનામ આ નોંધનીશીના લેખકને બક્ષવા બદલ તમે મ્હને અભિનંદન આપશો.... ... ... ... ...સંપાદક.

( ૧ )

જૂની ત્વારીખો જાળવી રાખવા હું નોંધનીશી લખવી શરૂ કરૂં છું. અતિશયોક્તિ વિના હું કહી શકું કે હું મહાપુરૂષ થવા જ સર્જાયો છું. મ્હેં પ્હેલું ભાષણ કર્યું......ગામમાં......અમુકભગત્‌ રા......ની સહાયથી—પરંતુ એ ખૂબ વખણાયું હતું. ત્યારથી મ્હને ખાત્રી છે કે હું સરસ વક્તા પણ છું.

( ૨ )

સ્વદેશીની ચળવળ જેવી હાનીહિન ચળવળ, આ લડાઈના વખતમાં બીજી એકે નથી. મુફ્ત આઝાદી ખાતર—થણી વસ્તુઓના, થણી ફરજોના ભોગે—મ્હેં એ ચળવળ ઉપાડી. સુખો બન્યો. પ્રચારની છેલ્લી પ્રથાઓ તમે શીખી લો તો લોકસમૂહ સમક્ષ તમારૂં નામ હંમેશ તરતું રહે. હું દેશ નેતા બન્યો. સભાઓ ગાજી, છાપાંઓ મ્હારા ફોટા છાપી રહ્યાં......મ્હારા નામના જયધ્વનિ ગવાયા. પણ આ બધાંનો આદિ અને અંત હું જ કરતો.

( ૩ )

આ કોંગ્રેસવાળાઓને કોઈ સમજાવશે? પેટ પર મૂકીને આવવાની એ વાત કરતા લાગે છે! હું ભોગ આપું સમજનો, ત્યાગ કમાઈ હું જતી કરૂં પરંતુ ભૂખે પેટે કામ કરવાનું મ્હને નહિ પાલવે. ધંધામાં કમાતો હતો તેટલું ભંડોળમાંથી હું લઉં.—કાલ, કાલ કદાચ હું પકડાઉં, પાગલ થાઉં કે મરી જાઉં તો મ્હારાં સંતાન શું ભણશે? ના, ના, ના. એવી પામરતા હું એમના પર આરોપવા નથી માગતો. હું ભંડોળમાંથી વાડી વજીફા ન બનાવું. મોટરો ન વસાવું પણ બે ચાર હજાર મ્હારાં બાળકો સારૂ પણ ન લઉં? એ કેમ બને?......અને મ્હેં બાળકોની ચિંતા ભંડોળમાંથી દૂર કરવાનો નિશ્ચય કર્યો છે. આંકડાનાં જાદુ કરતાં મ્હને આવડે છે.

( ૪ )

થઇ રહ્યું. ધારી હતી ત્હેથી ઘણા થોડા સમયમાં લડત સમેટાઇ ગઇ. બાળકોની મ્હારી ચીંતા અર્ધી લગભગ અધુરી રહી ગઇ. હવે......હવે મૂકેલો ધંધો આજીવિકાર્થે મ્હારે કરવો પડશે. આ હરિજન ચળવળની ધેલછા બાપુને ક્યાંથી લાગી?

( ૫ )

ધંધામાં દિલ ચોંટતું નથી. ત્યાં સુબાગીરી નથી. કોઇ મ્હારા નામના જયનાદો નથી કરતું. અને બાળકો સારૂ એકઠી કરેલી રકમ પણ પૂરી થવા આવી છે. કોઇ, કોઇએ કેમ મ્હને પૂછ્યું નથી? મ્હારી મહત્તા કેમ કોઇ સ્વિકારતું નથી?

( ૬ )

નાલાયક, દુષ્ટ પેલો......મ્હને નડે છે. એની મહત્તા મ્હને અંધકારે છે. એનું તેજ મ્હને આંખું પાડે છે. એ હઠે, મરે કે માંદો થાય તો જ હું જળહળી શકું. એના તેજ પર, એના મ્હોં પર હું કોઇ મહણું લગાવી દઉં. પછી, પતન, પતન એનું અને બંદા બસ કીર્તિ શિખરે. એને હક્ક શો છે મ્હારી આડે આવવાનો? દુષ્ટ, નાલાયક, નાદાન........................................

( ૭ )

શું કરૂં પેલાને હઠાવવાને? એને ચોર ઠરાવું? ના, લોક એ માનશે નહિ. એને ગાળો દઉં? એવી હિમ્મત મ્હારે ક્યાંથી આવશે? એની જોડે લડાઇ કરૂં?......તો......તો હું ગુન્હેગાર દેખાઉં! ત્યારે?......ઠીક સુઝયું. લોકોને એ માનવું મુશ્કેલ નહિ બને.

( ૮ )

એ પણ અજમાવી જોયું. થોડીક હો હા થઇ. લોક રસે મ્હલ્યું. પણ પેલો હસતે મુખે એ બધું પી જતો લાગ્યો. કેટલો બેશરમ! એના ચારિત્રની ચર્ચાઓ ચાલે, લોક આંગુલી નિર્દેશી એને ઓળખાવે, પણ એના મ્હોં પર એક રેખા ન હાલે. તંદુરસ્ત ને હસતો હતો ત્હેવો ને ત્હેવો જ......મ્હારી યોજના નિષ્ફળ નિવડી. મ્હારી કીર્તિ આડેનો એ પડદો ન હટ્યો, ન તુટ્યો, ન ચીરાયો.

( ૯ )

દાકતર અંબુલાલ, દાકતર સુમંત, ને ઇંદુલાલ ગુજરાતમાં ચમકે છે. કનૈયાલાલ મુન્શી, રમણલાલ દેશાઇ સાહિત્યનાં સૂર્યો મનાયા. પેલા મહેરઅલી, અશોક સોશીયાલીઝમના સંદેશવાહક ઠર્યા. આ અતિ સામાન્ય એવા ગણપતિશંકર ને પાટીલ કોન્ગ્રેસના મંત્રીઓ બન્યા, કોઇ મંત્રી થયા કોઇને કોઇ સંસ્થાના. કોઇ પ્રમુખ બન્યા કોઇને કોઇ સંસ્થાના. અને હું?

હું, એક જુનો કોન્ગ્રેસ નેતા, એક પ્રખર સમાજ સુધારક, એક ભવ્ય લેખક ને એક અદ્વિતિય વક્તા, એક પ્રચંડ પ્રચારક ને અજોડ મુખી મ્હારૂં સ્થાન—નહિ ગણમાં, નહિ તેરમાં, નહિ છપ્પનના મેળમાં. કારણ! કારણ શું?

( અનુસંધાન માટે જુઓ ......પૃષ્ઠ ૧૭ મું )

# વનસ્પતિકાય—ને—માનવકાય.

કંઇ પાંદડીઓ, કંઇ પાંખડીઓ,
તહીં ચગદાયે ! કો' અટકાવો !'
કંઇ કુમારીઓ, કંઇ સુકુમારો,
વધે હોમાય ! કો' વ્હાર કરો !

કંઈ કુંવારીઓ, કુમળી કળીઓ,
ચુંથાતી રે ! કો' ખ્યાલ કરો !
કંઇ બાળાઓ, કંઇ વિધવાઓ,
કચડાતી રે ! કો' સહાય કરો !

કંઇ પૂર્ણ ખીલ્યાં, કંઇ અર્ધ ખીલ્યાં,
કુસુમો કચડાતાં ! બચાવો કો' !
ઉગતાં બાળો, ખીલતા તરુણો,
બલિદાન ધરાતાં ! બચાવો કો' !

વિકસી વેલ્યો, ઉગતા છોડો,
કાં કાપો રે ! અરેરાટ ધરો !
ઉગતી યુવતિઓ, ઉગતા યુવકો,
પ્રગતિ-પથ જાતા કાં રોકો ?

**"વનસ્પતિકાયે"** હૈયાં બહલાવ્યાં,
કંઇ આત્મ રડ્યા ! પ્રાયશ્ચિત કર્યાં !
**"માનવકાય"** કચડાતી રહી,
ના વ્હાર કરી, મીંચી નજર ધરી !!!

'વાણીયા' વિષે ટીકાઓ સાંભળેલી—
"વાણીયો કીડી મંકોડીની દયા કરે,
—પણ ગરીબને ચૂસતા પાછો ના હઠે"
"પુષ્પ ચુંટતા અરેરાટતો વાણીયો
શ્રમજીવીના કુમળા બાળોનો રોટલો નિર્દયપણે ઝુંટાવે"
વળી મ્હારો એક અંગત પ્રસંગ—
દેવ-મંદિરમાં આભુષણરૂપ એક પુષ્પ
મ્હારાથી ચુંટાઇ ગયું—ને એક મહાશયનું હૃદય ચીરાયું—
"અરરર ! ફુલ કચર્યું !! કેવાં કરમ બાંધશે
મા'રાજ પાસે પ્રાયશ્ચિત લઇ લેજો" આ અહિંસક મહાશયને લોકો
'કસાઇ-વાણીયો' કહેતા—ગરીબોને એ ચૂસતો—હું એને Shylock કહું.

મ્હારૂં કાવ્ય આમાંથી જન્મ્યું છે. વનસ્પતિકાય-પુષ્પો વિગેરે—
સ્થાવર વસ્તુઓ પ્રતિ અહિંસાવૃત્તિ દાખવતો ને માનવો-બાળ વિધવાઓ, બાળલગ્નો ને અજુગતા લગ્નોમાં હોમાતા કન્યા-કુમારો વિગેરે ચેતનોને જુલ્મ ચક્કીમાં પીસતો માનવી દંભી ન તો શું ? જૈનોમાં એક સાવ આવો વર્ગ અસ્તિત્વ ધરાવે છે—આ પ્રત્યે મ્હારૂં સૂચન છે—

My poem implise this—

આથી વનસ્પતિ પ્રત્યે નિર્દયતા નથી સૂચવાતી.

How trifles triumph over things of importance !
Who is at foult ? The led or the leader ?
"વાણીઆ કે મા'રાજ ?

શ્રી ભાઇલાલ બાવીશી.

# 'સંતતિ નિયમન' વિષેનું પ્રચારકાર્ય.

મીસીસ સેંગરના ભાષણોએ આ મહત્વના વિષય ઉપર જનતાને વધુ રસ લેતી કરી છે. ગાંધીજી તેમજ અન્ય સમાજ સુધારક નેતાઓએ અત્યારસુધીમાં આ અંગેનું કંઇક પ્રચાર કાર્ય કર્યું છે. પરંતુ રાજકિય અને તેવાં વિવિધ પ્રકારનાં આંદોલનોને લઇ આ પ્રશ્ન ઢંકાઇ ગયેલ. દેશનું ધન ધાન્ય કે આર્થિક સંપત્તિનું વાર્ષિક ઉત્પન્ન જો આખીએ પ્રજાની સામાન્ય જરૂરિયાતો પુરતું ન હોય તો તે દેશમાં ભૂખમરો, ગરીબી કે રોગો વધે તે સ્હેજે સમજાય તેવી બીના છે. સંતતિ નિયમનનો પ્રશ્ન અત્યંત નાજુક હોઇ, અત્યારસુધી આપણી સામાજીક સંસ્થાઓએ કે જાહેર વ્યક્તિઓએ તે પ્રશ્નને અંગે જે પ્રચાર કાર્ય કરવું જોઇએ તે કરેલ નથી, હજી એ શિષ્ટતાને નામે આ પ્રશ્ન અંગે જે મૌન દાખવવામાં આવે છે તે 'સનાતનીપણું', આપણામાં કેટલું ઉંડું ઘર ઘાલી બેઠું છે તે દર્શાવે છે. આ પ્રશ્નને અંગે ફક્ત વિશાળ સ્વરૂપમાં જ નહિ પરંતુ અત્યંત ચીવટ અને ઝીણવટ ભર્યું પ્રચારકાર્ય થવાની જરૂર છે. જનતાની અંદર સંતતિની વૃદ્ધિ અંગેની જે જુની ભાવનાઓ પેસી ગઇ છે તેને નાબુદ કરતાં ઘણોએ સમય વીતી જવા સંભવ છે. બાળલગ્નોને લીધે શારીરિક કાંગાલિયત. શારીરિક કાંગાલિયત એટલે સરેરાશ ટુંકા આયુષ્ય અને તેટલો જ દેશને થતો આર્થિક ગેરલાભ. આ બધાં પાછળ થતો શક્તિવ્યયનો આપણે સરવાળો કાઢીએ તો દેશની અધોગતિનાં મૂળ કારણો શાં શાં છે અને તેમાંથી ધડો લઇ સમગ્ર પ્રજાની રહેણી-કહેણીમાં શું પરિવર્તનની જરૂર છે તે માટેનો અમૂલ્ય બોધપાઠ મળી શકે. પ્રત્યેક કુટુંબને આ વિષેનું જ્ઞાન આપવા માટે મહાભારત પ્રયત્નો થવાં જોઇએ. ઉંડી ધાર્મિક ભાવનાવાળા દેશમાં આ કાર્ય વિશેષ મુશ્કેલ બને છે એ ખરૂં, પરંતુ દેશનું વસ્તી પ્રમાણ નિરંકુશ રહેતાં પ્રજાની સર્વદેશીય પ્રગતિનું જે રૂંધન થવાની ભીતિ રહે છે તે જોતાં એ મહાભારતકાર્ય હાથ ધર્યા વિના છુટકો નથી. એક સામાન્ય કુટુંબમાં કુટુંબની કમાણી કરતાં નિભાવવાની વિશેષ સંખ્યા હોય તો તેટલે અંશે કુટુંબનો, અન્ય સભ્યોનો વિકાસ અટકે છે. તેવી રીતે હિંદ જેવા પરાધિન દેશમાં, કે જ્યાં ઉદ્યોગો અને વેપાર ખીલી શકે છતાં પરાધિનતાને લઇ ખીલવવાની પુરી તક નથી મળતી ત્યાં આ વિષે જરા પણ શિથિલતા સેવવામાં આવશે તો તે આપણા વર્તમાન અને ભાવિ માટે જોખમકારક અને બીજી પ્રજાઓની પ્રગતિની સરખામણીમાં પીછે હઠ કરનારી જ નીવડશે.

આપણાં તંદુરસ્ત ખાતાંઓ, સાર્વજનિક દવાખાનાંઓ, મહિલા સંસ્થાઓ અને સમાજ-સેવા કરતી સંસ્થાઓ આ પ્રશ્ન પરત્વે જાગૃત રહેશે તેવી આશા સેવીએ.

શ્રી નાનાલાલ દોશી.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

## વાર્ષિક સામાન્ય સભા.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભાની એક મીટીંગ તા. ૨૬-૧-૧૯૩૬ રવિવારના રોજ બપોરના ૩ વાગે (સ્ટા. ટા.) સંઘની ઓફીસમાં શ્રી માણેકલાલ એ. ભટેવરાના પ્રમુખ પણા નીચે મળી હતી. તેમાં નીચે મુજબ કામકાજ થયું હતું.

ગઈ મીટીંગની મીનિટ વંચાયા બાદ પ્રમુખશ્રીની સહી થયા બાદ નીચે મુજબ ઠરાવો થયા હતા.

ઠરાવ. ૧ કાર્યવાહક સમિતિએ પાસ કરેલો, ઓડીટ થયેલો હિસાબ રજુ કરવામાં આવ્યો. અને ઘટતી ચર્ચાબાદ સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો.

૨ રીપોર્ટ રજુ થયા બાદ રતિલાલ સી. કોઠારીની દરખાસ્તથી અને મોહનલાલ પાનાચંદ શાહના ટેકાથી સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો.

૩ સંવત ૧૯૯૨ ની સાલની કાર્યવાહક સમિતિ અંગેના ૧૯ ઉમેદવારોનાં ઉમેદવાર પત્રો આવ્યાથી તેમાંથી ઓધ્ધેદારો સહિત ૧૬ સભ્યોને નીચે મુજબ વોટીંગમાં ચુંટવામાં આવ્યા.

**મંત્રી તરીકે-**

અમીચંદ ખેમચંદ શાહ.
મણીલાલ એમ શાહ.

**ખજાનચી તરીકે:-**

જમનાદાસ અમરચંદ ગાંધી.

**સભ્યો તરીકે:-**

મનસુખલાલ હીરાલાલ લાલન.
માણેકલાલ એ. ભટેવરા.
વલ્લભદાસ ફુલચંદ મહેતા.
રતિલાલ સી. કોઠારી.
નાનચંદ શામજી શાહ.
ચન્દ્રકાન્ત વી. સુતરીઆ.
મણીલાલ જખમલ શેઠ.
તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી.
રમણલાલ ચંદુલાલ શાહ.
વાડીલાલ આશાલાલ શાહ.
મોહનલાલ પાનાચંદ શાહ.
ડાહ્યાભાઈ વી. મહેતા.
ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ.

**કો-ઓપ્ટથી:-**

કેશવલાલ મંગળચંદ શાહ.
માધવલાલ હીરાલાલ શાહ,
હીરાલાલ ચુનીલાલ મણીઆર.
ગીરધરલાલ બાપુલાલ કાપડીઆ.

**ઓડીટર તરીકે:-**

જેસિંગલાલ પુનમચંદ શાહ.
ચીમનલાલ પ્રાણજીવનદાસ શાહ.

ગતવર્ષની કાર્યવાહક કમીટિ અને ઓડીટરોનો તેમણે કરેલ કામકાજ માટે આભાર માનવામાં આવ્યો,

ઉપર મુજબ કામકાજ થયા બાદ સભા વિસર્જન થઈ હતી.

---

( અનુસંધાન.........પૃષ્ઠ.........૫ થી ચાલુ. )

મ્હારામાં તાકાત નથી એમ ભાગ્યે જ કોઈ કહી શકે. મ્હારી રેખાઓ પેલા જોશીએ જોઈ હતી તે મુજબ મહાન નેતાની છે-ગીરી જોઈએ તેટલા બળ ને સૂર્ય જેટલા તેજસ્વીની. ધંધામાં પણ કોઈ કંઈનેક 'ડુ સીટરસ' હોવાનું એ કહેતો હતો. પણ, પણ એ ક્યાં છે? આવિના ક્ષીતિજ લગી તો એ જણાતું નથી. કેટલું પાસે છે છતાં કેટલું દૂર લાગે છે!

( ૧૦ )

આનું કારણ છે પેલો નરાધમ, એના નાશમાં મ્હારો વિજય છે. મ્હારી પ્રગતિનો એ રોધક છે. મ્હારી મહત્તાઓ એ ઝાંખી પાડે છે. એ હટવો જોઈએ. જરાય શરમ વિના, જરાક પણ દયા વિના, એકલે હાથે ને મક્કમ દીલે મ્હેં એ કાંટાને દૂર કરવાનું નક્કિ કર્યું છે. મ્હારા હૈયામાં લાવારસ ભર્યો છે એને ભાળી નાખવાને. મ્હારી આંખોમાં વહ્નિ ભર્યો છે. એને ભસ્મ કરવાને... ... પણ, પણ, એને જોઉં છું ને હું શાંત પડી જઉં છું. જાહેરમાં એને હટાવવાની મ્હારી હિમ્મત જતી રહે છે. અને પડદા પાછળથી કૈંક કરૂં છું તો એ એને સ્પર્શતું નથી. આજેય હાસ્યે એ બધું ખંખેરી નાખે છે.

કાંટો દૂર કરવાની હવે તો મ્હેં પ્રતિજ્ઞા લીધી છે. અને પ્રતિજ્ઞા પૂરી ન કરૂં ત્હાં લગી નોંધનીશી નહિ લખવાનું મ્હેં નક્કિ કર્યું છે. ઇશ્વર મ્હને જોમ આપો! મ્હને કૌવત આપો! મ્હને હિમ્મત બક્ષો!

[સંપૂર્ણ]

---

**ઘાસલેટ છાંટી કરેલ આત્મહત્યા.**

આ શ્રી સાગરાનંદના શિષ્ય મુનિ મનહરસાગર, તેમના ગુરૂએ બહિષ્કાર કરવાથી કે જાતે અલગ થવાથી, ગમે તે કારણે ગુરૂથી છુટા પડી લાંબો વિહાર કરી તેમના ગુરૂની જન્મભૂમિ-કપડવંજ જતાં હતા. કપડવંજ જવાની આગાહી સાગરજીને લાગવાથી તેમણે કપડવંજમાં પોતાના ભક્તોને લખી જણાવ્યું કે મનહરસાગર એકલ વિહારી છે માટે ત્યાં આવે તો તેને ઉતરવાને માટે સ્થાન આપશો નહિ. તે પ્રમાણે તેમના ભક્તોએ મનહરસાગરે ઉપાશ્રયે ઉતરવાની સંઘ પાસે રજા માગતાં સ્થાન આપવાની ચોખ્ખી ના પાડી. બીજી ધર્મશાળાએ ગયા ત્યાં પણ તે જ સ્થિતિ. આખરે ગામ બહાર ધર્મશાળામાં માંડ માંડ સ્થાન મળ્યું. આવી રીતે પોતાની જાતને હડધૂત થતી જોઈ મનહરસાગર મુંઝાયા જેથી રાત્રીના આઠનો ટાઇમ થતાં પોતાના દેહ પર ઘાસલેટ છાંટી. આત્મહત્યા કરી જીવનલીલા સંકેલી લીધી. આ ઘટના અંગે તપાસ થવાની ખાસ જરૂર છે.

**તંત્રી સ્થાનેથી.**

# જૈનોની જાગતી સંસ્થા.

આમ તો કોડીબંધ સંસ્થાઓ છે જૈનોની પરંતુ ઘણીક સંસ્થાઓને વર્ષાઋતુમાં બિંજાઈને બગડેલા પોતાના નામના પાટીઆઓ નવેસરથી ચિતરાવવા સિવાય વર્ષભરમાં બીજો કાર્યક્રમ નથી. કેટલીક એવી છે કે બે પાંચ વર્ષે બે ચાર જણા ભેળા થઈને કોઈકને અભિનંદન કે વિરોધ બતાવી છાપાંઓમાં એમનું મૃત્યુ નથી થયું એવી જાહેરાત આપે છે. ત્યારે બહુજ થોડી–કદાચ એક હાથના વેઢે ગણાય એટલીજ સંસ્થાઓ જીવે છે. કૈંક પ્રવૃત્તિ કરે છે એમ લાગે છે. અને એમાંય સેવાની દૃષ્ટિએ શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ સૌથી મોખરે ઉભેલું અમે જોઈએ છીએ.

જૈન વ્યાયામશાળા, જૈન બેંડ, અનાજ ઇ. મદદ ખાતું, જૈન વિશ્રામ મંદીર, માંદગીનાં ઉપયોગનાં સાધનો પૂરાં પાડવાં, એ કામ એમના નિત્ય કર્મ ઉપરાંત આ સ્વયંસેવક મંડળ સંભાળે છે,

અને......'મોતિલાલજી આવે છે,' 'વલ્લભભાઈ આવે છે,' 'રાજેન્દ્ર બાબુ આવે છે,' એ સમાચાર સહિત સ્વયંસેવક મંડળોને કોન્ગ્રેસ હાઉસમાંથી હુકમ છૂટે છે 'જલદી આવો'......અને સૌને મોખરે, વીજ ઝડપથી સજ્જ થએલા જૈન યુવાનો દોડી જઈ સેવા કરતા જણાય છે. બેંડથી સત્કાર ગીતો ગજવતા જણાય છે. અને કર્તવ્યના સાદને માન આપવાની એમની ત્વરા અને તત્પરતા આપણાં અભિનંદન માગી લે છે,

જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ ભરાય છે, યુવક પરિષદો ભરાય છે, રાષ્ટ્રીય મહાસભા ભરાય છે ત્યારે આ મંડળની સેવા તરી આવે છે, અને હંમેશાં એના કાર્યની નોંધ લેવાય છે.

જમણ થાય છે, પૂજા થાય છે, સાધુ પધારે છે ત્યારેય આ મંડળની સૌને જરૂર પડે છે.

એનું ધ્યેય છે સેવા, એના મુદ્રાલેખમાં 'આદર કે ફળ' પ્રત્યે એ બેદરકાર છે એમ સુચવે છે. અને સેવા કામીઓને યોગ્ય એ મુદ્રાલેખ છે.

આવા આ મંડળનો...જૈનોની આ જીવંત સંસ્થાનો–પંદરમો વાર્ષિક મહોત્સવ એકવીસમી જાન્યુઆરીએ શ્રી ભૂલાભાઈ દેસાઈના પ્રમુખપદે થયો. વ્યાયામશાળાનો વિકાસ કેટલો સરસ છે એ શ્રી પાટીલે એના વ્યાખ્યાનમાં એને 'અદ્ભુત' કહી વખાણ્યો એ પરથી સહમજી શકાય.

શ્રી ભૂલાભાઈ દેસાઈનું એ દિવસનું વ્યાખ્યાન ભૂલોથી ભરેલું હતું. એમણે ઇચ્છ્યું કે આ સંસ્થા જૈન શબ્દ દૂર કરી સાર્વજનિક બની રહે. અને એમનો ધ્વનિ એમ સુચવતો હતો કે માત્ર દેશની પ્રવૃત્તિ છતાં આ સંસ્થામાં જૈનો હોવાને કારણેજ એ જૈન સ્વયંસેવક મંડળ કહેવાતું હતું. સંભવ છે કે અનેક પ્રવૃત્તિઓમાં ડુબેલા શ્રી ભૂલાભાઈ આ મંડળની 'ધર્મ સેવાનો' મૂળ આદર્શ ન સહમજ્યા હોય.

આ મંડળ સ્થપાયું હતું જૈન ભાઈઓની સેવા અર્થે. અને આજે પણ એ એનું મૂળ ને મુખ્ય સાધ્ય છે–ઇતર પ્રવૃત્તિઓ તરીકે રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં એ ખૂબ સેવા કરે છે છતાંય.

અમે સાંકડી મનોવૃત્તિના નથી. જૈનોની આ સંસ્થા સમસ્ત દેશની સેવા કરે એ અમારે મન–જૈનોને મન–ગૌરવ લેવાનો વિષય બનશે. પણ એથી એમ નથી ઠરતું કે જૈનોની સેવા કરતું આ મંડળ કોઈ સાંકડાવાડામાં રૂંધાઈ રહે છે.

અને ભૂલાભાઈએ 'આ મંડળમાંથી અસંખ્ય મંડળો ઉભાં થાઓ. શેરીએ શેરીએ લત્તે લત્તે એની શાખાઓ થાઓ અને દેશની સેવા કરો,' કહીને તો આ મંડળે બજાવેલી દેશ સેવાને એમણે સરસ અંજલી આપી.

આવા આ મંડળના ચાલકોને અમે ધન્યવાદ આપીએ છીએ. જૈનોની આ ઉજ્વળ સંસ્થા માટે અમે મગરૂબ છીએ. અને એ ખૂબ વિકસો એમ અમે ઇચ્છીએ છીએ.

પંદરવર્ષના આ તરૂ પર હવે ખૂબ ફળ ફુલો આવો ને એની ફુલ–સૌરભ અને ફળ–સ્વાદ મુંબઈના માનવોનાં કલ્યાણ કરો એમ અમે આ–એની પંદરમી સંવત્સરીને–પ્રસંગે ઇચ્છીએ છીએ.

## —: સ : મા : ચા : ર :—

**નવવર્ષની બાળા દીક્ષાના ખપ્પરમાં.**

આકોલા (બીરાર)માં સ્થા. જૈન સમાજના ઋષિ સંપ્રદાયના મહાસતી અમૃતકુંવરજીએ એક નવવર્ષની અબોધ–ગભરૂ–નિરક્ષર બાળાને 'તરણ તારણહાર, જગદ્ગુરૂ'નો બીલ્લો લગાડી દેવાનું બીડું ઝડપ્યું છે. આ દીક્ષા તદ્દન અયોગ્ય હોઈ આકોલા, ઉમરાવતી. નાગપુર ખામગાંવ તેમજ આખા બીરાર પ્રાન્તની જૈન સમાજમાં ખળભળાટ મચાવી મૂક્યો છે. આકોલાના જૈન સમાજમાં વિદ્વાન ગણાતી બેએક વ્યક્તિ સિવાય આખોય સંઘ તેની વિરૂદ્ધ હોવાથી મહાસતીજી વિહાર કરી ખામગાંવ નજીક રાજાપીંપળગાંવ નામના ગામડામાં ગયા છે. અને ત્યાં તાત્કાલીક દીક્ષા આપી દેવાના ખબર મળે છે. આવી તદ્દન અયોગ્ય વયે દીક્ષા આપી જૈન સમાજનો શું ઉદ્ધાર કરવાનાં છે ? તે સમજાતું નથી. આશ્ચર્યની વાત તો એ છે કે આ કાર્યમાં સ્થા. સંપ્રદાયના મુનિરાજોએ સમ્મતિ આપેલી છે. આકોલામાં બેએક વિદ્વાન ગણાતા અગ્રગણ્ય ભાઈઓ આ બાળ-દીક્ષા આપી દયા–ધર્મની દલાલી કરી પુન્યના કોથળા ભરવા ચાહે છે ? આમાં શું ભેદ હશે તે પરમાત્મા જાણે ? દરેક મનુષ્ય માત્ર આ નવવર્ષીયા ગભરૂ બાળાને નિહાળતાં જ કહે કે–અરેરે ! આટલી ગભરૂ બાળાને દીક્ષા હોય ? બીરારનો જૈન સમાજ જાગૃત થઈ દીક્ષાના ખપ્પરમાં હોમાતી કુમળી બાળાને બચાવવા સત્વર કમર કસે ?

**ટ્રસ્ટએક્ટની મુદતમાં વધારો.**

મુંબઈ સરકારના સેક્રેટરીએટ ખાતા તરફથી ધર્માદા ટ્રસ્ટ રજીસ્ટ્રેશન એક્ટ સંબંધી અભિપ્રાયો મોકલવાની તા. ૩૧–૧૨–૩૫ ની હતી તેને બદલે વધારો કરી તા. ૨૯–૨–૧૯૩૬ ની રાખી છે તો ટ્રસ્ટ ફંડનું રક્ષણ કરવા ઇચ્છા ધરાવનાર દરેકે પોતાના અભિપ્રાયો આ કાયદો જૈન સમાજને લાગુ પાડવા માટે મોકલી આપવા જોઈએ.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી, ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઈમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

કેવી શતાબ્દિ શોભે ?

Regd No. B.3220

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૧ આનો.

: : તંત્રી : તારાચંદ કોઠારી : :

વર્ષ ૨ જું : અંક ૧૯ મો.
શનીવાર તા. ૧૫-૨-૩૬

## પ્રથમ જૈન યુવક પરિષદની વર્કીંગ કમીટિના મંત્રીનું નિવેદન.

"જૈન યુગ" તા. ૧ ફેબ્રુઆરી અંકના છેલ્લા પાને સમાચારના મથાળા નીચે "પહેલી યુવક પરિષદનું ફંડ"ને લગતી જે હકીકત આપી છે તે વર્કીંગ કમીટિના કાર્યકર્તાઓને ખોટી રીતે વગોવનારી હોવાથી એ અંગે ખુલાસો કરવો પડે છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આમંત્રેલી બધુ પીરકાની જૈન યુવક પરિષદ મુંબઈમાં શ્રી મણીલાલ કોઠારીના પ્રમુખપણા નીચે મળેલી. તેનો ઓડીટ થયેલો હિસાબ સ્વાગત સમિતિની તા. ૧૦-૪-૩૨ ના રોજ મળેલ કમીટીએ મંજુર કરેલો ને સમાજની જાણ માટે તા. ૨૩-૪-૩૨ ના "પ્રબુધ્ધજૈન" માં પ્રગટ કરાવેલો. ત્યારબાદ પરિષદની જે મીલ્કત વર્કીંગ કમીટિ હસ્તક આવી તે કયે સ્થળે સલામત પડી છે તે "જૈનયુગ" ના તંત્રી અને તેમના ગોઠીઆઓ આજ ઘડી સુધી જાણે છે. છતાં અમે સમજી શકતા નથી કે સમાજમાં આવી ખોટી વગોવણી કરવાનો શાથી પ્રયાસ થયો?

જાણે કે અજાણે જે ટીકા થઇ છે તે કેટલી ખોટી છે તે ખાતર આજ લગીના હિસાબની ટુંકી માહિતી નીચે મુજબ છે.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૦૬૩-૧૫-૦ | પરિષદ પાસેથી વર્કીંગ કમીટીને મળ્યા તે | ૨૨૨-૧૨-૩ | પ્રચારના ખર્ચના |
| ૪૨-૧૧-૦ | મણીલાલ એમ. શાહના લેવા | ૧૭-૦-૯ | પરચુરણ ખર્ચના |
| ૯૯-૧-૦ | ભેટના આવ્યા તે | ૯૬૮-૧૧-૦ | ધી બેન્ક ઓફ ઇન્ડિઆમાં વર્કીંગ કમીટિએ કરેલ ઠરાવાનુસાર બંને મંત્રીઓ-મણીલાલ એમ. શાહ ને કાન્તીભાઇ મ. મહેતાના નામે |
| ૨-૧૩-૦ | સભ્યોના લવાજમના | | |
| ૧૨૦૮-૮-૦ | | ૧૨૦૮-૮-૦ | |

પરિષદ વખતે જે ફાળો થયેલો તેને વર્કીંગ કમીટિની સુચનાનુસાર વસુલ કરવામાં આવ્યો નથી.

"જૈનયુગ" ના તંત્રી અને તેમના ગોઠીયાઓ (બોર્ડ) ઉપરની હકીકત જાણતા હતા છતાં વધુ વાર જાણી લે કે પરિષદના નાણાં કોઇ સ્થળે હવા ખાતાં નથી. તેમ કોઇએ ગેરવ્યાજબી ઉપયોગ કર્યો નથી કે ખવાઇ ગયાં નથી. પણ કમીટિના હુકમાનુસાર બેન્કમાં સલામત પડયાં છે. પછી "બીજાઓના હિસાબની ચોખવટ માટે માગણી કરતા યુવાન આગેવાનોએ પોતાના પગ નીચે બળતું તપાસવાની ખાસ જરૂર છે" એવી વાહીયાત અને ખોટી ટીકા કરનારને ભૂલ જણાય તો આવતા અંકમાં યોગ્ય સુધારો કરશે. અસ્તુ.

લી૦ આપનો વિશ્વાસુ,
**મણીલાલ એમ. શાહ.**
મંત્રી—શ્રી પ્રથમ જૈન યુ. પરિષદ.

### રાજનગરે.

જૈન શ્વે. મૂ. યુવાન આલમનું દ્વિતીય અધિવેશન રાજનગરે (અમદાવાદ) ઇસ્ટરના તહેવારોમાં એટલે ચૈત્ર શુદિ ૧૨-૧૩-૧૪ ભરવાનું અમદાવાદ જૈન યુવક સંઘની જનરલ મીટિંગે નકકી કરવાથી જૈન યુવાનોમાં ઉત્સાહ વ્યાપી રહ્યો છે.

આ દ્વિતીય અધિવેશન એવે સ્થળે મળે છે કે જે આખા ગુજરાતને તેમજ સૌને અનુકુળ પડે તેવું મધ્યસ્થ સ્થળ એટલે ખાત્રી છે કે યુવાન આલમ એ પ્રસંગે અમદાવાદ ઉતરી પડશે.

# ત ❖ રુ ❖ ણ ❖ જૈ ❖ ન

—: તા. ૧૫-૨-૩૬ :—

## કેવી શતાબ્દિ શોભે ?

એક જૈન સભાના પ્રમુખસ્થાનેથી, શ્રીયુત હીરાલાલ મશરૂવાળાએ કંઈક વ્યંગમાં એવી મતલબનું કહ્યું હતું કે બ્રાહ્મણોના ઉત્સવોમાં પગલે પગલે સ્નાન આવે તેમ જૈનધર્મના કોઈ પણ સમારંભ કે ઉત્સવમાં એક વરઘોડો અને એકાદ મ્હોટું જમણ તો જરૂર હોય. જમણવાર અને વાજા એ બન્નેની અતિશયતાઓ આપણે ગળે ક્યારથી વળગી એ નથી સમજાતું. મુનિ મહારાજ ગામમાં પ્રવેશવાના હોય તો સામૈયાની સ્વારી કરવી પડે. પોથી-પાનાં પધરાવવાં હોય ત્યારે પણ ત્રાંસાને શરણાઈ વિના ન ચાલે એ જ પ્રમાણે ઉત્સવો યોજાય એટલે જમણવારો પણ એની પાછળ અનુસરવાનાં. આપણી શક્તિ અને દ્રવ્યનો પણ આ બધામાં ઘણો વધારે દુરૂપયોગ થાય છે, એ હકીકતથી કોણ અજાણ્યું છે ?

પાટણમાં જે શતાબ્દિ મહોત્સવ ઉજવવાનો છે તે સંબંધમાં જમણવાર વિગેરેની પાછળ વધારે પડતો ખર્ચ થાય એવો ભય રાખવામાં આવે છે. મર્યાદિત મહેમાનો આવે એમનું સ્વાગત તો જરૂર થવું જોઈએ. એમને ઉપવાસ કરાવવા એમ તો કોઈ જ નથી કહેતું. મતલબ એ છે કે એમાં પ્રમાણ જળવાવું જોઈએ.

કોઈ શ્રીમંત ગૃહસ્થની, કોઈ રાજા-મહારાજાની કે કોઈ મંદિર-તીર્થની શતાબ્દિ ઉજવાતી હોય તો શ્રીમંતાઈનો આડંબર બતાવવા, જમણ વિગેરેની પાછળ છૂટે હાથે ખર્ચ કરવામાં આવે તો મને-કમને પણ એ નીભાવી લઈએ. પરંતુ જે વખતે એક સંયમી, સત્યશોધક, જ્ઞાનના ઉપાસકની શતાબ્દિ ઉજવાતી હોય ત્યારે શ્રીમંતાઈના પ્રદર્શન અશોભનીય થઈ પડે.

મહાપુરૂષોના સ્મારક પણ એમની આંતરિક તપશ્ચર્યાને અને સાધનાને શોભે તેવાં જ થવાં જોઈએ. શ્રીવિજયાનંદસૂરિની શતાબ્દિને ખાલી આડંબરો, ઢંઢેરાઓ કે ખોટાં ખર્ચો વડે આપણે અભડાવવી ન જોઈએ. એમના જીવન કાર્યની સાથે, એમના જીવનસંદેશની સાથે ભળી જાય એ રીતે જ એ સ્વર્ગસ્થ આચાર્યની યાદગીરી યોજવી જોઈએ.

જે મહાપુરૂષે પંજાબ, મારવાડ-મેવાડ અને ગુજરાત-કાઠીયાવાડની અનેકવિધ વિટંબણાઓનો સામનો કરી પોતાની વિહાર સીમા વિસ્તારી, જેમણે સત્યની ઉપાસના-આરાધના અર્થે પોતાના વ્હાલા વાડાનો, સર્પ જેમ કાંચળી છોડે તેમ ત્યાગ કર્યો અને જેમણે અહોનિશ શાસ્ત્રીય ઉદાર ઉપદેશનો જ પ્રચાર કર્યો. એમના સ્મારકમાં મ્હોટાં જમણવારો કે ચાંલ્લા નાખનારા દેખાવોને શી રીતે સ્થાન મળે ? એવા કૃત્રિમ આચરણોથી એ સ્વર્ગસ્થ આત્માને શાંતિ શી રીતે પ્રાપ્ત થાય ?

શ્રી આત્મારામજી મહારાજને પોતાને જ કદાચ પૂછવામાં આવે કે આપની શતાબ્દિ શી રીતે ઉજવી હોય તો આપને સંતોષ થાય ? એવી એક કલ્પના કરીએ. તેઓ હૈયાત હોય તો કદાચ જયંતિ ઉજવવાનો સખત વિરોધ કરે અને આપણને શિરોમાન્ય રાખવો પડે એ એક વાત જવા દઈએ. પરંતુ જો આપણામાં થોડી પણ તર્ક કે વિવેકશક્તિ હોય તો એ સ્વર્ગસ્થ પુરૂષને શું પસંદ હતું, શું નાપસંદ હતું એનો નિર્ણય તો સ્હેજે કરી શકીએ. એમના નામે જમણવારોમાં, ગરીબ જૈન સમાજનું દ્રવ્ય વેડફાય તો તેઓ સાંખી શકે નહીં એમ માનવાને આપણી પાસ ઘણાં સબળ કારણો છે.

બાહ્ય આડંબર વિષે એમને અભાવ હતો, એમનો પ્રિય વિષય અધ્યયન અને સંયમશુદ્ધિનો હતો. એમના જ્વલંત ઉપદેશો અને એમણે રચેલા ગ્રંથોમાં એમની અભ્યાસવૃત્તિ જૈનશાસન સંબંધી જ્વલંત શ્રદ્ધા પ્રકટ પણે દેખાઈ આવે છે.

શતાબ્દિ-ઉત્સવમાં પણ એ ભાવનાને જ પ્રધાનપણે સ્થાન મળવું જોઈએ. સામાન્ય શ્રીમંત કે રાજવીની શતાબ્દિને જે ધમાલ શોભે તે આ આધ્યાત્મિક અને જ્ઞાનીની શતાબ્દિને ન શોભે.

અમે તો એટલે સુધી કહીએ છીએ કે જ્યાં જ્યાં જ્ઞાનનો પ્રચાર છે, જ્યાં જ્યાં નિડરતા અને સ્વતંત્ર વિચાર શ્રેણી છે. જ્યાં જ્યાં બંધનમુક્તિ છે ત્યાં ત્યાં શ્રી આત્મારામજી મહારાજના આત્માના આશીર્વાદ વરસે છે. સંકુચિતતા, પામરતા, ગતાનુગતિકતા એ યુગ પુરૂષને પ્રિય ન હતી. સ્થાનકવાસી સંપ્રદાયમાં સંકુચિતતા ભાસી એટલે તો એમણે સિંહની જેમ ત્રાડ પાડી પોતાનો માર્ગ સાફ કરી વાળ્યો, સાધુસંઘમાં પામરતા ભાસી એટલે તો એમણે પોતાના જ વડીલો-ગુરૂઓ સામે બળવો પુકાર્યો અને ગતાનુગતિકતાના ખાબોચીયામાં ગંધાઈ ઉઠેલાં પાણી નિહાળ્યા એટલે તો એ ઉલેચી નાખવા કેડ બાંધી.

એવા પુરૂષની શતાબ્દિમાં મ્હોટાં જમણવારો ન છાજે, વાજા ગાજા ન છાજે, એક પાઈનો પણ વ્યર્થ વ્યય એમના અદૃશ્ય આત્માને અકળાવી દે. જ્ઞાનમંદિર, જ્ઞાન પ્રચાર, જ્ઞાનની ગુણાનુરૂપ આરાધના એ જ એમની સાચી શતાબ્દિ છે. એ જ એમનું અમર —અજોડ સ્મૃતિ મંદિર છે.

---

( ચંદ્રશ્રીની શિષ્યા……પૃષ્ઠ……૪ થી ચાલુ )

"રેખા ! એમ નારાજ ન થા. જ્યારે સંયમ ઉદયે આવશે ત્યારે બધું અનુકુળ થઈ જશે. ચાલ હમણાં એ ભૂલી જા. હજુ તો ચાર ગાઉ બાકી છે. ઉઠ તો !"

રેખા ઉઠી. પાણીનો ગોરીઓ હાથમાં લીધો અને રોહીણીશ્રીની સાથે ચાલવા માંડ્યું. એ ન્હાના ગામ વચ્ચેથી જતા રસ્તા પર થઈ તેઓ તે ગામની બ્હાર નીકળી રસ્તે પડ્યાં. એટલે રેખાએ પ્રશ્ન કર્યો.

"શુ આપને શંકા છે કે હું ત્યાગ ધર્મ નહીં પાળી શકું ?"

"ના. એમ તો નહી જ, પરંતુ એટલું ખરૂં કે વૈરાગ્ય વિના ત્યાગ તેના સાચા સ્વરૂપમાં ટકતો નથી. અને સંસારના મૃગજળ સમા સુખોનું સાચું સ્વરૂપ સહમજ્યા-અનુભવ્યા વિનાનાને જે વૈરાગ્ય આવે છે, તે સાચા વૈરાગ્યને બદલે વૈરાગ્યનો આભાસ માત્ર હોય છે એમ ઘણી વખત બને છે."

રોહીણીશ્રીએ સૌમ્ય ભાવે ઉચ્ચાર્યું: "અને સંસારના કડવા ઘુંટડા પીધા પછી ત્યાગ-સંયમ માર્ગ કેવો મીઠો લાગે છે. તે જાણવું હોય તો એક વિતક કથા હું કહું."

"ભલે. સંભળાવો" રેખાએ ઉત્સાહમાં આવી કહ્યું".

"જો સાંભળ." રોહીણીશ્રી કથાની શરૂઆત કરે છે. વિહાર આગળ વધે છે… … … … … **ચાલુ.**

# ચોપટાની ચોવટ.

( ગતાંકથી ચાલુ

કાકા–શું ?

બજુશાણી–પેલા હેમુ મહેતાએ સૌની નામરજી છતાં એની દીકરી વિમળાને મેટ્રીક સુધી ભણાવી. એ વિમળાએ નાનપણમાં થયેલ સગપણ તોડી નાખી એક કાઠિયાવાડી નાગર સાથે પરણી ગઇ.

કાકા–ક્યારે ?

બજુશાણી–કાલ રાતે લગન થયાં. આજે મહેતાને ત્યાં તાર છે. મહેતા ગેમાઇ છે.

કાકા–હળાહળ કળીજુગ આવી પહોંચ્યો. ‘ દીકરી ને ગાય દોરે ત્યાં જાય ’ એના બદલે કરેલ સગપણ તોડી વાણીયાની દીકરી નાગરને જાય ! પણ એમાં એને શો દોષ દઇએ ! મહેતાનો જ વાંક છે. હું ઘણીવાર એને કહેતો–અલ્યા ! રહેવા દે. આ દીકરીને ઘણું ભણાવે છે તે પસ્તાઇશ. ભણાવો ! ભણાવો ! છોડીઓને.

નવનીત–તમે ભણતરને શું કરવા વગોવો છો. એ ભણતરે જ એને ઉગારી લીધી.

કાકા–નવનીત ! તું પણ બહુ દોઢ ડાહ્યો જણાય છે. ભણતરે એને ઉગારી લીધી કે એના મા બાપનું નાક કપાવી નાંખ્યું ?

નવનીત–એમાં નાક શું કપાવ્યું ?

કાકા–એના વડીલોએ કરેલ સગપણ તોડી નાગરને પરણી. એ નાક ન કપાવ્યું તો બીજું શું ?

નવનીત–તમને ખબર છે ? વિમળાનું બચપણમાં જે પૈસાદારને ત્યાં સગપણ કરેલું તે છોકરાને કેટલાંય વર્ષ થયાં આંચકી આવે છે. એક આંખે કાણો થયો છે. મહિને પાંચ રૂપૈડી કમાવાની તાકાત નથી. ભાંગ ગાંજાનું વ્યસન વળગ્યું છે. ભણતરમાં કાળા અક્ષરને કુટી મારે છે. આવા અભણ–ગંજેરી ને રોગીની સાથે લગ્ન કરી જીવનને ધૂળધાણી કરવા કરતાં ગ્રેજ્યુએટ યુવાન સાથે લગ્ન કરવાની હિમ્મત કરી એ બદલ એને ધન્યવાદ આપવો જોઇએ. આપણે રાજી થવું જોઇએ. છતાં માલીકશાહી–વડીલશાહીના દોરે એ સ્વતંત્રતા આપણાથી ન સહન થાય તો મુંગા રહીએ પણ નાકના ઓઠે ખોટાં ગુલબાનો ન ઉડાડીએ.

કાકા–એમાં અમારે શું ? એના બાપને પસ્તાવું પડશે ! પોક પોકે રોતો હશે ! ન્યાત પૂછશે ત્યારે જવાબ દેવો ભારે પડશે. દીકરા ક્યાં ઉતારશે દીકરા ?

નવનીત–એના બાપને કે માને કોઇનેય પસ્તાવો થતો નથી. એમને ઘેર તો સૌ હર્ષમાં મહાલે છે. ખુદ મહેતાએ જ કન્યાદાન દીધું છે. સૌની સંમતિથી આ થયું છે, ન્યાતની એને લગારે પરવા નથી. તેમ ન્યાતમાં દીકરા ઉતારવાનો એને મોહ નથી. એ તો એના બાળકોને લાકડે માંકડાં વળગાડી દઇ પરણાવવાના લહાવા કરતાં એ ભણાવવાના–કેળવવાના લહાવાને મહામુલો લહાવો સમજે છે–સાચો લહાવો સમજે છે. આવો સાચો લહાવો લેવાનું આખી સમાજને સુઝે તો દીકરીઓના બોજ બાપાના ઘટે. કેળવણી આગળ વધે. ને બદસુરત સમાજ ખુબસુરત બને.

ત્યાં તો બાસઠ વર્ષની ઉમ્મરે બાર વર્ષની બાળા સાથે થોડા જ માસ પર ફેરા ફરનાર, મંદિરના મહતીયા કેશર સુખડનું હળખુ જેવડું કપાળમાં ટીલું તાણનાર મનસુખ મામો તાડુકી ઉઠયો–

આજ કાલનાં છોકરાં માથે ચડી બેઠાં છે. ન્યાત જાતને ઉંચે મૂકવા માગે છે. દશા, સાળવી, સઈસરા, ભાવસાર, છીપા ને પટેલ બધાંને એક પંગતે બેસાડવા માગે છે, કાલે ભીલજાઓને બેસાડવાની વાત કરશે. આંપના ઉપાય નહિ હોય તો વંઠી જશે વંઠી ! જ્યારે દીલું મૂક્યું છે ત્યારે નાના મુંડે આટલી વાત કરે છે ને ! શું હાંભળ્યા કરો છો ?

તરત જ એક યુવાને બીજા ન સાંભળે તેમ આસ્તેથી મામાને ચેતવ્યા. “ રહેવા દ્યો......મોંઢ ગંધાય છે ” મામા ચેતી ગયા ને ડાહ્યા થઇ મુંગા રહ્યા.

એક યુવાન–મહેતાએ પોતાની દીકરીને મોતના મોંમાથી બચાવવા કેળવણી આપી બીજે પરણાવી તેમાં આપણે આટલી પંચાત શીદ?

કાકા–એ તારી ચતુરાઇ ભરેલી મોતની ને વગર મોતની વાતો રહેવા દે !

નવનીત–કાકા ! એ ચતુરાઇ નથી કરતો. બરાબર કહે છે.

કાકા–શું કપાળ બરાબર કહે છે.

નવનીત–જો એને કેળવણી આપવામાં ન આવી હોત તો સ્વતંત્ર બુધ્ધિથી વિચાર કરવાની શક્તિ ખીલત નહિ. એટલે તમે કહો છો તેમ “દીકરી ને ગાય દોરે ત્યાં જાય ” તે પ્રમાણે તેને પેલા રોગીયા સાથે પરણવું પડત. અને જેમ અનેકનાં જીવન ખારાં ઝેર થાય છે તેમ એના સંસારને આગ લાગત અને સરવાળે વિમળા કમોતે મરત કે રંડાત. જ્યારે કેળવણીએ એને વિચાર કરતાં શીખવ્યું. ને પિતાની સલાહથી લાયકાતના ધોરણે નાગર યુવાન સાથે લગ્ન કર્યું, એને એના જીવનનો વિચાર કરવાનો અધિકાર ખરો-કે નહિ ? નકામી પારકાઓને આટલી હાયપીટ શી ?

ત્યાં તો મામો બોલી ઉઠયો–આ બધાં પારકાં ?

નવનીત–તમારે કાંઇ સગું વહાલું ? શાથી લોકોની ખોટી રીતે નિંદા કરી કેળવણીને ઉતારી પાડો છો ? કંઇક સમજો. જમાનો પૂર વેગથી દોડયો આવે છે. એની સામે થશો તો તણાઇ જશો.

ત્યાં તો મનસુખ મામા ફરી વાર ડાચું ફાડી દુર્ગંધ ફેલાવે તે પહેલાં જ મગન કાકાએ વાળુનો વખત થઇ ગયો છે ઉઠો ! ઉઠો ! કહી ચોપટાની ચોવટ સંકેલી લીધી ને સૌ વિખરાયું.

—સંપૂર્ણ.

# ચન્દ્રશ્રીની શિષ્યા

—: લેખક :—
'સુધાકર'

"...મ્હેં દીક્ષા લેવાનો નિશ્ચય કરી જ નાખ્યો છે. તે જાણ્યા પછી મ્હારાં વ્હાલસોયાં માતા પિતા પણ હવે તો મ્હારા વિચારને અનુમોદના આપી રહ્યા છે."

"જેને જન્મ આપ્યો તેનું કલ્યાણ વાંચ્છવું એ જ માતા પિતાનો ધર્મ છે. પણ......"

"પણ શું ?"

"કંઈ નહી."

"કંઈ નહી, એમ શા માટે ? શું આપને હજુ પણ મ્હારા નિશ્ચયમાં શંકા આવે છે ?"

"ના, ના, એમ નહી, પણ......પણ હું એક સાધ્વી છું. દીક્ષાની ભાવના સેવનારને પ્રોત્સાહન આપવું તે જ મ્હારો ધર્મ છે. પરંતુ ત્હારા જેવી એક નાદાન કુમારિકા આ વિકટ પન્થ સ્વીકારે તે મ્હારા હૃદયને નથી રૂચતું એટલું જ."

"વાહ ! આટલી યુવાન વયે ત્હમે દીક્ષા લઈ શકો, પાળી શકો. મ્હારા માટે આ શંકા ? ! મ્હને એ નથી સ્હમજાતું કે ત્યારે ત્હમે શા માટે દીક્ષા લીધી ?"

"પ્રશ્ન બરોબર છે, પણ જે ત્યજ્યું તેને યાદ કરવું તે ત્યાગી ધર્મથી વિરૂધ્ધ છે. છતાં ટુંકામાં એટલું કે : 'જગતના ઝંઝાવાતોથી ત્રાસીને."

❖ ❖ ❖

સાધ્વી ચંદ્રશ્રીએ જ્યારે રાજનગરથી કાર્તિકી પૂર્ણિમા પછી ત્રીજે દિવસે વિહાર કર્યો ત્યારે તેમની ભક્ત શ્રાવિકાઓનો સારો એવો સંઘ તેમને દૂર દૂર સુધી વળાવવા માટે સાથે નીકળ્યો હતો. એ શ્રાવિકાસંઘમાં પ્રૌઢ સધવાઓ, યુવાન વિધવાઓ અને કુમારિકાઓ પણ હતી. અને એ કુમારિકાઓમાં રેખા નામે એક યુવાનીના ઉંબરમાં પગ મુકતી કુમારિકા હતી. ન્હાનપણથી જ સાધ્વીઓના સહવાસમાં રહેવાથી અને ઘરનું વાતાવરણ ધર્મયુક્ત હોવાથી સંસારનો પવન ત્હેને લાગ્યો ન હતો. ન્હાનપણથી જ જ્યારે જ્યારે આડોશી પાડોશી કે સંબન્ધીઓ તેના વિવાહની વાત કરતાં ત્યારે તે કહેતી કે : "હું તો દીક્ષા લેવાની છું" પરંતુ ધર્મપ્રેમી હોવા છતાં, પુત્રીને પરણીને સુખી થયેલી જોવાની ઇચ્છા કયા માતા પિતાને નથી હોતી ? રેખાના માતા પિતાએ પણ જ્ઞાતિના એક છોકરા સાથે તે જરા મ્હોટી ઉમ્મરની થતાં તેનું સગપણ કરી નાખ્યું હતું. છતાં રેખાની ઇચ્છા દીક્ષા લેવાની જ હતી. આ દરમીઆન સાધ્વી ચંદ્રશ્રીએ રાજનગરમાં ચોમાસું કર્યું. રેખા હંમેશાં ત્હેમની પાસે જતી આવતી. ચંદ્રશ્રી પાસે જે પાંચ શિષ્યાઓ હતી. તેમાંની એક રોહીણીશ્રી નામની શિષ્યા તરફ રેખાનું દીલ આકર્ષાયું. નિત્યની આવશ્યક ક્રિયાઓમાંથી સમય મળતાં વાંચન, મનન અને નિદિધ્યાસનમાં રત રહેતી શાન્ત કારૂણ્યમૂર્તિ રોહીણીશ્રી પાછળ રેખા ઘેલી બની. રેખાની એ ઝંખના હતી કે તે રોહીણીશ્રીના સતત સહવાસમાં રહે. પણ રોહીણીશ્રીની તટસ્થ વૃત્તિ તેવી અનુકુળતા મેળવવામાં અડચણ રૂપ થતી. સહવાસ, વાતચીત ઇત્યાદિનો જેટલો લેવાય તેટલો લાભ ચાતુર્માસ દરમીયાન ત્હેણે લીધો હોવા છતાં રોહીણીશ્રીના આકર્ષણે તે પણ શ્રાવિકા સંઘમાં જોડાઇ હતી.

સામાન્ય રીતે વિહારમાં બને છે તેમ સાધ્વીઓ અને શ્રાવિકાનાં ટોળાં પોતાને અનુકુળ પડે તેમ આગળ પાછળ ચાલતાં અને નિશ્ચિત સ્થળે સૌ સાથે થઇ જતાં. આ ક્રમમાં રોહીણીશ્રી અને રેખા હંમેશાં આગળ જ રહેતાં. આમ સતત ચાલતા વિહારમાં એક દિવસ રેખા અને રોહીણીશ્રી બહુ આગળ નીકળી ગયાં. અને એક ન્હાના ગામડાની નજદીક આવી પહોંચ્યાં. ગામની ભાગોળે એક ઘોર ગંભીર વડલો પોતાની શાખા પ્રશાખાઓ પ્રસારી ઉભો હતો. પાસે જ વડલાના આશ્રયે આવીને વસ્યું હોય તેમ એક ન્હાનું ગ્રામ્ય દેવતાનું મંદિર ઉભું હતું. તેના વિશાળ ઓટલા પર બંને જણ બેઠાં અને વાતોએ વળગ્યાં. રેખાનો એ આગ્રહ હતો કે રોહીણીશ્રી તેને પોતાની શિષ્યા બનાવવાનું કબુલ રાખે. રોહીણીશ્રીને એ વાત કબુલ ન હતી. આ હંમેશનાં ઝગડાનો અંત લાવવાની ખાતર જ રેખાએ આજે પોતાની દીક્ષાની વાત છેડી. અને રોહીણીશ્રીએ તેમાં સંમતિ નહી બતાવવાથી તેણે છેલ્લે સીધો પ્રશ્ન પુછ્યો. સાધ્વીએ પોતાના વર્તમાન વેષને ઉચિત ટુંકો જવાબ વાળ્યો. પણ રેખાને સંતોષ ન થયો. તેણે કહ્યું :—

"આપના એવા ઉડાઉ જવાબોથી સ્હમજી જાઉં એવી હું છેક ભોળી નથી. છેલ્લું કહું છું કે—મ્હેં તો આપને જ મનથી ગુરૂ માન્યાં છે. દીક્ષા લેવી તો આપની જ પાસે બીજા પાસે નહી."

"તથાસ્તુ !" સાધ્વીએ સ્હેજ હસીને મર્મમાં ઉચ્ચાર્યું.

"મ્હને નથી સ્હમજાતું કે ત્હમે શા માટે મ્હને આટલી બધી રખડાવો છો ?" ખસીઆણી પડેલી રેખાએ ઢીલા બની પૂછ્યું.

"મ્હને પણ એ નથી સ્હમજાતું કે જ્હેની સાથે ત્હારો વિવાહ થયો છે, તે યુવાન બધી રીતે લાયક છે, એમ તું કહે છે. છતાં તને આ ધૂન કેમ લાગી છે ?" રોહીણીશ્રીને લાચારીએ પોતાના વિહિત આચારની મર્યાદા ઓળંગવી પડી.

"પણ તે તો મ્હને સ્હમજાતું હોય તો હું ત્હમને કહું ને ?— મ્હને માત્ર એમ લાગ્યા કરે છે, કે હું દીક્ષા લઉં તો કેવું સરસ !" એમ કહી નિર્દોષ રેખા આતુર નયને રોહીણીશ્રી તરફ તાકી રહી.

રોહીણીશ્રીએ રેખાના નિર્દોષ ચ્હેરાને નિહાળ્યો. તેની આંખોમાં તેને નરી નિર્દોષ સરળતા તરવરતી દેખાઇ. સંસાર શું છે ? કેવો છે ? તેના ભાન વિનાની, સંયમનો માર્ગ તલવારની ધાર પર ચાલવા કરતાંય વિકટ છે. તેનાથી અજાણ એવી આ બીન અનુભવી કુમારિકા તરફ તેને અનુકંપા ઉપજી. તે ઉભી થઇ. અને તેના ચિત્તને બીજે દોરવા આસ્તેથી તેના વાંસે હાથ ફેરવી બોલી.

( અનુસંધાન માટે જુઓ પૃષ્ઠ ૨ જું )

# આઝાદ મંજીલ

ન જોઈતી ન્હાની ડખલગીરીઓ જ્યહારે છાત્રાલયના સત્તાવાહકો કરે છે ને ઉગતા બાળકોને નિયમબધ્ધ રસ્સી કરી જકડી જડ કરે છે ત્યહારે એ છાત્રાલયો એક કરૂણ ચિત્ર રજુ કરે છે......અને એ કરૂણ કથામાંથીય લેખક હાસ્યનું એક ચિત્ર દોરે છે.

સામાન્ય નિયમ તો સૌને ગમે. પણ શિસ્તને નામે સત્તાના ઘંટારવ થાય ત્યહારે નિયમન રસાતળ જાય એમ બાળક ઇચ્છતો થઇ જાય છે. અને બીલકુલ આઝાદ ને નિયમનહિન જ્યહાં ધારાધોરણ હોય નહિ, હુકમ હોય નહિ અને કોઇ હેરાન ન કરે એવા છાત્રાલયને બાળક વાંચ્છે છે.........બાળકનું એ આઝાદ કલ્પના ચિત્ર આ 'આઝાદ મંજીલ'માં લેખક રજુ કરે છે.

'આઝાદ મંજીલ' વાસ્તવિક ન હોઇ શકે–એ તો ઉપહાસ ચિત્ર છે આજના છાત્રાલયોનું.....................તંત્રી.

**સ્વરાજ્ય ! સ્વરાજ્ય ! ! સંપૂર્ણ સ્વરાજ્ય ! ! !**

**ઇન્કીલાબ ઝીન્દાબાદ !**

નીડર જડબાતોડ, ખખડધ્વજ, સંપૂર્ણ સ્વતંત્રમતવાદી દેશનેતાઓ અને સમાજસેવકો તૈયાર કરવાની એક આઝાદ યોજના !

**વિદ્યાર્થી આલમને ખુશ ખબર !**

વર્ષોથી કચરાતી, પીસાતી, દબાતી, રીબાતી, ગુંગળાતી અને લોહીનું પાણી કરતી વિદ્યાર્થી આલમને સ્વતંત્રતા–સંપૂર્ણ સ્વતંત્રતા અને આઝાદી ભોગવવાની સંપૂર્ણ છૂટ પૂર્વક તાલીમ લેવાની એક મહાન્ યોજના !

છાત્રાલય સંમેલનો અને છાત્રસંમેલનોમાં અનેક ચર્ચાઓ, સંવાદો અને વિસંવાદો કરી કરીને થાક્યા તોય જે પડી ગુંચ નથી ઉકેલાતી......સમર્થ શિક્ષણશાસ્ત્રીઓ, પ્રખંડ કેળવણીકારો, અનુભવી છાત્રપતિઓ અને દીર્ઘદષ્ટિ નિયામકોને જેની ભાંજગડ કરતાં કરતાં માથે પળીઆં આવ્યાં છતાંય જે કોકડાં ઉકેલાતાં નથી પણ ગુંચવાતાં જ જાય છે એવા છાત્રાલયજીવનના ઝટીલ પ્રશ્નોનો આબાદ ફડચો !

આ યોજનામાં વિદ્યાર્થીઓનું સ્વમાન અને સ્વત્વ, સ્વતંત્રતા અને વ્યક્તિત્વ, વિકાસ અને વિનિમય સચવાય અને તેમ છતાંય સંસ્થામાં જરાએ ઘર્ષણ કે ગજગ્રાહ ઉપસ્થિત ન થાય એવી ગોઠવણ રહેશે.

આ યોજનાના–સંસ્થાના મુખ્ય બે વિભાગ રહેશે–

૧ આઝાદ છાત્રાલય. ૨ આઝાદ વિદ્યાલય.

સમગ્ર આઝાદ ગુરૂકુળની કાર્યવાહી નીચે મુજબ રહેશે–

૧ સુસવાટી ઠંડીમાં વિદ્યાર્થીઓને ઉંઘવું હોય ત્યાં સુધી ઉંઘવાની અને ભર ઉનાળાની ગરમીમાં આળોટવું હોય ત્યાં સુધી આળોટવાની છૂટ રહેશે. અર્થાત્ રાતના કે દિવસનાં ઉંઘવાની, વાંચવાની, દોડવાની, ટોળટપ્પાં કરવાની, નાચવા કુદવાની, વાર્તાવિનોદ, રાત્રિપ્રવૃત્તિ તથા આનંદોત્સવ કરવાની સંપૂર્ણ છૂટ રહેશે.

હેરાનગતિકારક ઉંઘ તોડનાર નિંદશત્રુ ગૃહપતિઓ તેમજ મૃત્યુઘંટ જેવા રણકાર દેતો ઘંટ કે ટોકરી આ ગુરૂકુળમાં નહિં જ હોય.

૨. સેકન્ડ પહેલાં વાઘની માફક ઘુરકતા, વાનર માફક દાંતીઆં કરતા, રાક્ષસ માફક ત્રાસ આપતા અને મારતા તેમજ ગલુડીઆં માફક રમાડતા ગૃહપતિઓ બીજીજ સેકન્ડે આંખો મીંચી નવો સ્વાંગ સજી અને મોંપર નવો ભાવ લાવવા પ્રયત્ન કરી ઢંગી અને ઓરીજીનલ પ્રાર્થના કરવા મંડી જાય છે અને દરેક વિદ્યાર્થીઓને મને કમને તેમાં જોડાવું પડે છે. એવો પાખંડ અને ઢોંગ આ આઝાદ છાત્રાલયમાં હરગીજ નહિં પોષાય...અર્થાત્ આવી અગર કોઇ પણ પ્રકારની પ્રાર્થના અહિં નહિં હોય.

૩. આજકાલ છાત્રાલયોમાં કસરત માટે વિદ્યાર્થીઓ પર જે અમાનુષી જુલ્મ ગુજારવામાં આવે છે તે અમારે ત્યાં નહિ હોય... લાઇનસર ઉભા રાખી મને કમને સૌને દંડ, બેઠક, લાઠી, લેઝીમ અને ડ્રીલ વગેરે કરાવવાનાં નાટકો અમારે ત્યાં નહિ હોય...કારણ કે આલીમ શિસ્ત–ડીસીપ્લીનને દેશવટો આપવા માટે કસરતને દેશવટો આપે જ છુટકો છે.

આટલાં વર્ષો સુધી કમ્બખતે મને અને પરાણે કસરત કરાવીને, મારીને મીયાં બનાવવા જેવું કરીને સંસ્થાઓએ કેટલા ખખડધ્વજ પહેલવાનો નિપજાવ્યા ? ! તેનો કોઇ હિસાબ આપશે ? !

૪. દાતણ જેવી નજીવી બાબતમાં પણ ગૃહપતિઓ ઓર્ડરો જ છોડે છે કે 'ફરતા ફરતા દાતણ ન કરો' 'રૂમમાં દાતણ ન કરો' પથારીમાં દાતણ ન કરો' 'અમુક જ જગ્યાએ દાતણ કરો'...... આવી બાબતમાં આટલું બધું નિયમન શું ? !

અમારે ત્યાં આમાં સ્વતંત્રતા હોય તેમાં નવાઈ જ શી ? ! દરેક પોતાને મરજી પડે તે સ્થાને, મરજી પડે તે સમયે, ઉઠતાં, બેસતાં, કે સુતાં સુતાં, લઘુશંકા કે વડીશંકાએ જતાં આવતાં, પલંગમાં પડ્યા પડ્યા કે રૂમમાં ફરતા ફરતા પણ દાતણ કરી શકશે......સૌને એક હાથ લાંબાં, મનપસંદ, જાડાં દાતણ પુરાં પાડવામાં આવશે...ઉપરાંત પાઉડર, દંતમંજન અને ટુથપેસ્ટ પણ પુરાં પાડવામાં આવશે.

૫. અમારે અહિં મુંડો કરાવવાની, ધારી કઢાવવાની, ચહેરો કઢાવવાની, ચોટલી રાખવાની, દાઢી રાખવાની અગર કઢાવવાની, ક્લીનશેઇવ અને ફ્રેન્ચકટની, સાદા સરખા બાલ રાખવાની તેમ જ ફેશનેબલ બાલ કપાવવાની અને ભભકભર્યાં તેમ જ છુટાં જટીયાં રાખવાની સંપૂર્ણ છુટ રહેશે.

૬. અમારે ત્યાં કપડાં હાથે ધોવાની, છાત્રાલયમાં ધોવડાવવાની, ધોબી પાસે ધોવડાવવાની, વોશીંગ કું. માં કે લોન્ડ્રીમાં ધોવડાવવાની અને સાદી, કડકડતી તેમ જ ચળકતી ઇસ્ત્રી કરવા–કરાવવાની સગવડ રહેશે.

૭. અમારે ત્યાં ટબબાથ, ગરમ-ઠંડા પાણીના હોજબાથ, ડોલબાથ, હેગડીબાથ. અને નળબાથ, સેન્ટવોટરબાથ, બાથંબાથ અને દેશી-વિદેશી તમામ પ્રકારના બાથની સંપૂર્ણ સગવડ રહેશે.

૮. અમારે ત્યાં સવારમાં જોઈએ તેટલું દૂધ, કડક–મોળી ચા, મનગમતો નાસ્તો, પાંઉબિસ્કીટ, રોટલો–છાશ, ગોળ–ભાખરી અને માતર તેમ જ શીરો નાસ્તામાં મળી શકશે.

૯. અમારે ત્યાં ભોજન સંબંધે ફરીઆદ કરવાનું કાંઈ કારણ ન રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે. દરેક વિદ્યાર્થીના ભાવાભાવ -અનુકૂળતા જાણી લઈ તે મુજબ ગરમાગરમ મનગમતાં ભોજન પુરાં પાડવામાં આવશે.

આ માટે ખાસ કુશળ–નિપુણ સીનીયર ટ્રેઈન્ડ, સભ્ય રસોયાઓની મનપસંદ યોજના કરવામાં આવશે. ઘેર મા, બ્હેન કે પત્નિ જે હોંસ, ભાવ, ઉમંગ અને રસભેર ન પીરસી શકે કે ન જમાડી શકે તે કરતાં વધુ હોંસે, ખાસ તૈયાર કરેલાં ભોજન પીરસાશે, જમવાની વ્યવસ્થા જેવું કંઈ નહિં રહે......અબોટીયાં પહેરીને, પાટલુન પહેરીને, સૂટ પહેરીને, બુટ પહેરીને, મસ્તકાલંકાર પહેરીને કે ઉઘાડે માથે, પાટલા પર કે બેંચ પર બેસી, યા ખુરસી ટેબલ પર બેસી કોઈ પણ પ્રકારે ભોજન લઈ શકાશે.

ખીચડી કઢીથી માંડીને દૂધપાક–પુરી, ઢેબરાંથી માંડીને પોરણપોળી, શીરાથી માંડીને ઘેબર સુધીનાં વિવિધ પ્રકારનાં ભોજન, ભજીઆં, ફરસાણ અને રાયતાં દરેક પોતપોતાની પસંદગી અનુસાર પેટ પુર આરોગી શકશે.

ભોજન પ્રસંગે પરાણે શાંતિ જાળવવા એરંડીયું પીધા જેવું મોં કરી ફરતા આપખુદ અને જાલીમ ગૃહપતિઓને બદલે હસમુખા અને મોજીલાઓને ચારે તરફ ફરતા જોશો. આ સમયે આજના ચીજી ગમેલ કાદવ જેવા વાતાવરણને બદલે આનંદ, કીલકીલાટ અને ઉલ્લાસમય વાતાવરણ જોશો. તે ઉપરાંત ત્યાં બેસવાની, વાતો કરવાની, ઘોંઘાટ કરવાની, મિત્રને ધબ્બો કે ધીમો તમાચો લગાવવાની પણ સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે. મનમાં હસવાની, ખડખડાટ હસવાની, જમતાં જમતાં ઉભા થવાની અને ફરવાની સંપૂર્ણ સ્વતંત્રતા અનુભવી શકાશે.

ભોજન બાદ છાશથી માંડીને આઇસવોટર ઠંડા અને સુગંધીદાર પાણી સોડા લેમન, રાસબરી, જંજીર, સરબત, ગરમ પાણી સવા અને વરીઆળીનાં પાણી આદિની મનપસંદ સગવડ રહેશે. તે ઉપરાંત મનમોજી ફલાહાર પણ મળી શકશે.

૧૦. આ સંસ્થા સંપૂર્ણ સ્વતંત્રતામાં માનતી હોવા છતાં આજના ચાલુ–કહેવાતા ધર્મોમાં માનતી નથી–કારણ તેથી કોમીવાદ વધે છે. તેથી વિદ્યાર્થીઓને તે બાબતમાં પોતપોતાના વિચારો માટે સ્વતંત્રતા રહેશે. આમ છતાંય અમે કોઈ પણ નિયમનમાં ન માનતા હોવા છતાંય એક નિયમ તો કરવો જ પડે છે કે આ સંસ્થામાં કોઈ પણ પ્રકારના ક્રિયાકાંડના ઢોંગ નહિં આચરી શકાય.

અમારો એ પણ અનુભવ છે કે ધર્મ એ આત્મામાં ઉગતી વસ્તુ છે. તેને કોઈ પર પરાણે લાદી ન જ શકાય. ક્રિયાકાંડ અને અભ્યાસથી–ગોખણપટ્ટીથી તે ઉમેરી ન શકાય. આ નૂતન અને સનાતન સત્યમાં અમને સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી ઉપરોક્ત નિયમ કરવાની અમને જરૂર જણાઈ છે.

૧૧. નાટક, સીનેમા, એમેચ્યોરકલબ, ટોકીઝ આદિ ચમત્કારક છે. અને તે વિવિધ પ્રકારનું જ્ઞાન આપી ગમગીની દૂર કરે છે. નવિન દુનીયાનાં દર્શન કરાવી સંસારના ગહન પાઠ પઢાવે છે. ઉપરાંત અનેક પ્રકારની તાલીમ આપે છે. તે વેદીઆ બનતા વિદ્યાર્થીઓમાં અને બેતાલાઓમાં નવચેતન અને નવપ્રાણ પુરે છે. વિદ્યાર્થીઓમાં સાહસ, શૌર્ય અને વીરત્વની ચીનગારીઓ મુકે છે. નીતિનાં નવદર્શન કરાવે છે. જીવનવનમાં અવનવી રીતે જળસિંચન કરી પ્રેમપુષ્પ–પત્ર અને વૃક્ષ ઉગાડે છે. નવયુગના **નવમંદિર** સમા અને નવયુવાનોના **નવદીપ** સમા એ નાટક સીનેમાઓની ઇચ્છા પડે અને ભાવ થાય ત્યારે ત્યારે મુલાકાત લેવાની સંપૂર્ણ છૂટ રહેશે.

તેના ઉપરોક્ત લાભો હોવા ઉપરાંત સ્વાશ્રયી વિદ્યાર્થીઓને માટે તાલીમ મેળવી કમાણી કરવાનું પણ એ સુંદર સાધન બની શકે તેમ છે તેથી અમે તે માટે પણ ઉત્તેજન આપવા ભાવના સેવીએ છીએ.

વિદ્યાર્થીઓ પોતાના પગભર ઉભા રહી શકે તે માટે તેમ જ આનંદ પ્રમોદ કરી શકે તે માટે એમેચ્યોરકલબો કાઢવાની અને ટોકીઝના પાત્રો બની એ રીતે અર્થોપાર્જન કરવાની દરેકને છૂટ રહેશે......આ રીતે સ્વાશ્રયી બનનાર વિદ્યાર્થીઓ પોતાની આવકના ૧૦ ટકા આઝાદ છાત્રાલયના આઝાદ ફંડમાં આપશે જ એમ માનવામાં આવે છે.

સંસ્થામાં રેડીઓને સ્થાન રહેશે અને તે નિરંતર ચાલુ રહેશે; જેથી વિદ્યાર્થીઓ મરજીમાં આવે તે સમયે ચાલુ કાર્યક્રમ મુજબ સંગીત, સમાચાર, રેકર્ડ આદિનો લાભ ઉઠાવી શકે.

૧૨. કેટલાંક છાત્રાલયોને 'યુનિફોર્મ'નો મોહ લાગ્યો છે. પરિણામે એક જ રંગનાં, એક જ જાતનાં, એક જ આકારનાં અને એક જ ફેશન અને કટનાં લુગડાંથી વિદ્યાર્થીઓને મઢવામાં આવે છે. આ પ્રશ્ને વિદ્યાર્થી આલમની પોશાક પસંદગીની સ્વતંત્રતા હરી–લુંટી લીધી છે અને વિદ્યાર્થીઓની કળા પ્રદર્શન કરવાની શક્તિ પર તરાપ મારી છે. ગરજના માર્યા વિદ્યાર્થીઓએ નીચે મુંડીએ આજ-સુધી આ જુલમ અનુભવ્યો છે અને પરિણામે તેમનાં વ્યક્તિત્વ અને સ્વતંત્રતા ખુંદાયાં છે.

અમે એ પદ્ધતિને તિલાંજલી આપી છે. વિદ્યાર્થીઓમાં કળાપ્રિયતા વધે, સુક્ષ્મ અને વેધક દૃષ્ટિ નિષ્પન્ન થાય તે માટે દરેક વિદ્યાર્થી પોતપોતાને મનપસંદ પોશાક, મનપસંદ ફેશન અને કટ અનુસાર રાખી શકશે: માત્ર શરત એ રહેશે કે કોઈ બે વિદ્યાર્થીનો પોશાક સમાન ફેશન, સમાન કટ કે સમાન રંગનો રહી શકશે નહિં.

૧૩. અમને મનુષ્ય આત્મામાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા છે, મનુષ્ય ખરાબ કે નાલાયક હોઈ જ ન શકે. આ મહાસત્યને અવ-

ગણીને કેટલીક છાત્રાલયો પ્રાવેશીક પરીક્ષા કે યોગ્યાયોગ્યતાની બીજી કસોટી કરે છે અને મર્યાદિત સંખ્યામાં જ વિદ્યાર્થીઓને દાખલ કરે છે. પરિણામ એ આવે છે કે અનેક વિદ્યાર્થીઓ નિરાશ થઈ ફાંફાં મારતા થઈ જાય છે. જેઓ પ્રવેશ પામે છે તેઓ ઉંચે ઉડવાની શકિત મેળવવાને બદલે—મહાન્ બનવાને બદલે વામનજી બની જાય છે.

આ કારણને લઈને અમે પ્રાવેશિક પરીક્ષાઓ તો શું પણ આઝાદ વિદ્યાલયના અભ્યાસમાં પણ કોઈ પણ પ્રકારનુ નિયમન કે પરીક્ષા રાખવા નથી ઇચ્છતા......એટલું જ નહિં પણ વિદ્યાર્થીઓની ઇચ્છા થતાં ઉપરના ધોરણમાં પ્રમોશન મળી શકે તેવી વ્યવસ્થા રાખવા માગીએ છીએ.

૧૪. આઝાદ વિદ્યાલયની સામાન્ય માસીક ફી રૂ. ૧૦) રહેશે. તે ઉપરાંત દરેક વર્ગમાં જેમ જેમ ઉપરના ધોરણે ચડતા જશે તેમ તેમ ધોરણ દીઠ માસીક રૂા. ૨) ફીનો વધારો થયા કરશે... આને માટે સ્વતંત્રતાના ઉપાસક, પોતપોતાના વિષયમાં ખાસ તૈયાર થયેલા, તે તે વિષયના ખાં, વિદ્યાર્થીઓની મરજી પડે તે વિષય અને તે પધ્ધતિએ શીખવી શકે એવા અધ્યાપકોની ખાસ નિમણુંક કરવામાં આવશે.

૧૫. નાણાં આપી નિશદીન પોંચપરોણા કરનાર, પાઈએ પાઈનો હિસાબ માગી લેશ કાઢનાર, અભ્યાસનું પરિણામ, વિનય વિવેક, શિસ્ત, સભ્યતા, ધાર્મિક સંસ્કાર અને ખુશામતની આશા રાખતા ધનિકો, સમાજના આગેવાનો—ગૃહસ્થો. દાતાઓ સમાજનેતાઓ અને સમાજ-શાસ્ત્રીઓની જરા પણ દખલ સહન કરવા આ આઝાદ છાત્રાલય તૈયાર નથી...આવાઓના હાથમાં સમાજના આદર્શ આઝાદ વિદ્યાર્થીઓના આઝાદ વિકાસનો ભોગ આપવા પણ આ આઝાદ છાત્રાલય તૈયાર નથી. તેથી ગરીબ અને તવંગર દરેક પ્રકારના વિદ્યાર્થીઓ આ છાત્રાલયનો સંપૂર્ણ લાભ ઉઠાવી શકે તે માટે દરેક પોતપોતાને મનપસંદ સાધન સગવડનો ઉપભોગ કરવાના પ્રમાણમાં દરેક જાતનો ખર્ચ આપવાનો રહેશે જ.

૧૬. આરોગ્ય સાચવવા તે માટે દેશી વૈદ્ય અને નિષ્ણાત ડોક્ટર રોજ એક વખત વિદ્યાર્થીઓની મુલાકાત લેશે. એટલે વિધવિધ પ્રકારના ચૂર્ણો, ભસ્મો, રસાયણો, પાઉડરો આદિ મળી શકશે.

૧૭. નૂતન કેળવણીકારો અને નૂતન માનસશાસ્ત્રીઓના મતને સંપૂર્ણ મળતા થઈ આ આઝાદ છાત્રાલય અને આઝાદ વિદ્યાલયમાં કોઈ પણ પ્રકારની માનસિક, શારીરિક કે આર્થિક શિક્ષા કરવામાં નહિ આવે, આ સંસ્થામાં સહશિક્ષણ આપવામાં આવશે એટલું જ નહિં પણ પસંદગી લગ્નમાં સંસ્થા પુરેપુરો સાથ અને સહકાર આપશે.

૧૮. પ્રવાસ માટે વિદ્યાર્થીઓ મનપસંદ વાહનમાં ગમે ત્યાં જઈ શકશે. ગાડાથી માંડીને એરોપ્લેન સુધીની તમામ વ્યવસ્થા રહેશે. સૌ પોતાને મનગમતા વાહનનો ઉપયોગ કરી શકશે...આઝાદીના સ્થાનો—વન, ઉપવન, રણ, ગિરિશિખરો, ગુફાઓ, નદીઓ, સરોવરો, હિમાચ્છાદિત શિખરો, ડાકબર અને ચીડીયાખાનાં આદિની મુલાકાત અને અનુભવ લેવાની સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે.

૧૯. અમારે ત્યાં વિદ્યાર્થીઓને પોતાનાં બેડીંગ, પુસ્તકો, કપડાં અને સરસામાન અવ્યવસ્થિત ગોઠવવાની, ગમે તેમ રાખવાની, વેરંઝેર કરવાની, તોડવા-ફોડવાની, રીપેર કરાવવાની કે નિત્ય નવીન લાવવાની સંપૂર્ણ છુટ રહેશે.

૨૦. નિવાસગૃહ તથા વિદ્યાલય વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી બહુમતી પસંદ કરશે તેવા શહેર કે ગામડામાં, ખુલ્લા મેદાનમાં કે ઝાડના છાયા નીચે, ખુલ્લા હવા ઉજાસવાળા મકાનમાં કે છતો મધ્યાન્હે વિદ્યુત રોશનીથી અજવાળું મેળવી શકાય તેવા સ્થળે ખોલવામાં આવશે....વિદ્યાર્થીઓ એક, બે, ત્રણ કે ચાર પોતપોતાની ઇચ્છા મુજબ સાથે કે એકલવાયા રહી શકશે, આ ઉપરાંત તેઓ અન્ય મિત્રો કે સંબંધીઓને પણ પોતાની સાથે રાખી શકશે.

વિદ્યાર્થીઓને ટેબલ, ખુરશી, પલંગ, બીછાનું, શેતરંજી, ચાદર, મચ્છરદાની. ડીસેટ, ગીલ્ડપોટ, અરિસો, કોમ્બ, સેન્ટ, લવંડર, તેલ પાઉડર, ક્રીમ, ટુથપેસ્ટ, દંતમંજન, પંખા, ઇલેક્ટ્રીકફેન, ઇન્ક, કલમ, ખડીઆ, ચાક, બ્લેક બોર્ડ, કાગળ, કાર્ડ, કવર, ટીકીટો. જુદા જુદા પ્રકારનાં ખાણુ, પીણું, ભોજન, ફળાહાર, ચૂર્ણો, ઔષધીઓ, રસભસ્મો, બ્યુગલ-સીટીઓ, રહેવાના ઓરડા, દાતણ, જુદા જુદા પ્રકારના પાણી આદિ વસ્તુઓના ઉપભોગના પ્રમાણમાં જુદા જુદા ચાર્જ કરવામાં આવશે. કોઇપણ વિદ્યાર્થીને એકી સાથે નાણાં ચૂકવવાનું મુશ્કેલ ન બને તેટલા માટે સાંજના વાળુ-સપરબાદ મોં લુછતી વખતે જ હંમેશના હંમેશ આ બીલ વસુલ કરવામાં આવશે. દરેક જાતનાં ચાર્જનું લીસ્ટ સંસ્થામાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થી જવાબ માટે ટીકીટ મોકલીને મેળવી શકશે.

સ્વતંત્રતા ઇચ્છો છો ? તો આ સંસ્થામાં આજે જ દાખલ થાઓ
સ્વરાજ્ય માગો છો ? તો આ સંસ્થામાં આજે જ નામ નોંધાવો.
ગૃહપતિઓની નાદીરશાહીથી ત્રાસ્યા છો ? તો આ સંસ્થામાં આજે જ નામ નોંધાવો.

કાયદા-કાનુન, બંધારણ અને શિસ્તના ચીમટાઓથી ત્રાસ્યા છો ? તો આજે જ આ સંસ્થામાં નામ નોંધાવો.

અમે વિદ્યાર્થીઓ પાસેથી શિસ્ત, કાયદાપાલન, સભ્યતા, ડ્રીલ, કસરત, સ્વાશ્રય, જાત મહેનત, નિયમિતતા, સહકાર આદિની માગણી કરતા નથી. અમારે ત્યાં માત્ર એજ નિયમ છે. (૧) ક્રિયાકાંડ ન કરવો. (૨) રોજે રોજનાં બીલ વસુલ આપવાં.

આપ જોઇ શકશો કે કોઇ પણ સંસ્થા કરતાં ઓછામાં ઓછાં નિયમો અમારી સંસ્થામાં છે......મહાન નૂતન શિક્ષણશાસ્ત્રીઓ અને મહાન્ નૂતન કેળવણીકારોના મતને માન આપી અમે નિયમોનું ભારણ કાઢી નાખ્યું છે. એ સૌ કોઇ સ્પષ્ટ પણે જોઈ શકશે. વર્ષોના અનુભવ મંથન અને જ્ઞાનમંથનનું આ નવનીત છે.

આઝાદ મતવાદી વિદ્યાર્થીઓ હવે ઢીલ કેમ કરે ? સ્વરાજ્ય અને સંપૂર્ણ સ્વતંત્રતા ઇચ્છનાર તે અનુભવવાની તક કેમ ગુમાવે ?

બરાબર વાંચો; બરાબર વિચારો; બરાબર શોધો; બરાબર અમલ કરો.

પોતપોતાના હાથ નીચે આવેલા શિસ્તધ્વંસક, વિનય અને વિવેકહીન, તેજ યા પ્રભાવશાળી, લાકડવાળા કે નમાલા, રખડુ-તોફાની કે મુંડા મગજના, ઓરમાન માવાળા, પરદેશવાસી મા બાપ વાળા દરેક પ્રકારે સ્વતંત્રતામાં માનનાર અને વિચરનાર વિદ્યાર્થીઓ પૂરા પાડનાર ગૃહપતિઓને, શિક્ષકોને અને માબાપોને ભરપૂર કમીશન ! કમીશનની શરતો માટે ટપાલની ટીકીટ બીડી પૂછાવો.

આઝાદ છાત્રાલય અને વિદ્યાલય દરેકમાં ઓછામાં ઓછા ૫૦) વિદ્યાર્થીઓની દાખલ થવાની અરજી સાથે દરેકના રૂ. ૧૦૦) અનામત આવશે તો આ સંસ્થા શરૂ કરવામાં આવશે.

આઝાદ છાત્રાલય કે વિદ્યાલયમાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ તેમ જ તે સંબંધમાં વધારે માહિતી ઇચ્છનાર શિક્ષકો, ગૃહપતિઓ, માબાપો અને વાલીઓએ જવાબ માટે ટીકીટ બીડી નીચેના શીરનામે લખવું.

હાટીપાળ દરવાજા બહાર,
પાટણ.
( ઉ. ગુજરાત )

બિરાદર,
"ભાવિ આઝાદ મંડળ"
C/o: શાન્તિલાલ એમ. સાડંબાકર

# સ ❖ મા ❖ ચા ❖ ર

## જૈન વિધવાના પુનર્લગ્ન

જાલના ( નિઝામ સ્ટેટ ) ના રહીશ શેઠ રૂપચંદજી ખુબચંદજીના લગ્ન આકોલા ( બીરાર ) વિધવા વિવાહ આશ્રમમાં રહેતી વિધવા બાઈ કેશરબાઈ સાથે શ્રી રામચનજી ખઇનાનના પ્રમુખપણા નીચે જૈન વિધવાશ્રમના મકાનમાં તા. ૮-૨-૩૬ ના રોજ થયાં છે. બંને ઓસવાળ જ્ઞાતિના છે. આ લગ્નમાં આકોલાના સંભાવિત ગૃહસ્થોએ સારા પ્રમાણમાં હાજરી આપી હતી. વર-વધુને સરઘસના આકારમાં ગામમાં ફેરવવામાં આવ્યા હતા. વરરાજા તરફથી આશ્રમને રૂ. ૫૦૦) તથા બીજા ખાતાઓને રૂ. ૧૦૦) મળી રૂ. ૬૦૦) ની ભેટ આપી હતી.

## આદર્શ લગ્ન

અમદાવાદના જાણીતા આગેવાન શેઠ પ્રતાપસિંહ મોહોલ્લાલભાઈના સુપુત્રીના લગ્ન કલકત્તા નિવાસી શ્રી બહાદુરસિંહજી સિંઘીના સુપુત્ર રાજેન્દ્રસિંહજી સિંઘી સાથે તા. ૧-૨-૩૬ ના રોજ અમદાવાદ ખાતે થયા છે.

## આંતરજાતીય લગ્ન

ગુડાબાલોતરા (મારવાડ) નિવાસી શાહ ફોજમલજી સહાજી નામના પોરવાડ જૈન યુવકના લગ્ન મ્હૈસુર જિલ્લાના હાસન ગામના દિગમ્બર જૈન દેવેન્દ્રપ્પાની કન્યા શ્રી રાજેમતી સાથે થયા છે.

## બાળાનું રૂ. ૩૦) હજારમાં વેચાણ.

હેલદર ગામ (મારવાડ) ના વતની અને મુંબઈમાં પેઢી ચલાવતા લગભગ ૫૬ વર્ષની ઉમરના એક મારવાડી ગૃહસ્થ ઘર ભંગ થતાં શ્રીમંતાઈના જોરે એક કુમળી બાળા સાથે લગ્ન કરવાની લાલસાએ રૂ. ૩૦) હજારમાં સાટું નક્કી કર્યું છે. અને વાત પણ બહાર એમ આવી છે કે આ વૃદ્ધ વર (!) રાજા લગ્નનું કામ ફાગણ વદી ૮ પહેલાં આટોપી લેવા ધારે છે. મારવાડી પંચ જાગૃત થઇ આ વૃદ્ધલગ્નને અટકાવી વૃદ્ધલગ્નની વેદીમાં હોમાતી કુમળી-અભણબાળાને બચાવે, યુવાનોએ પણ આ લગ્ન અટકાવવા કટિબદ્ધ થવું જોઈએ.

## બાળશિષ્યને લાઠીનો માર.

કરાંચીમાં બિરાજતા સ્થા. કોન્ફરન્સ તથા તેમના ગુરૂએ બહિષ્કાર કરેલ સ્થા. સંપ્રદાયના ધાસીલાલજી નામના સાધુ કે જેમની પાસે એક બાર વર્ષનો બાળશિષ્ય છે. તેને ધાસીલાલજી પોતાના બાકતો મારફતે તેમજ પોતે લાકડીથી સખ્ત રીતે માર મારી ત્રાસ આપે છે. તે ત્રાસથી તથા ભૂખના દુઃખથી કંટાળી દીક્ષાના ઉપકરણોને અપાસરામાં પડતા મુકી શ્રી કાનજીભાઈને ત્યાં નાશી ગયો હતો. આવી રીતે બે ત્રણ વખત નાશી જવા છતાં પાછાં તે બાળશિષ્યને પકડાવી પોતાની પાસે રાખી સખ્ત ત્રાસ આપવો શરૂ કરેલ છે. કસાઇખાને જતી ગાય જેવા આ બાળ સાધુને કરાંચીના ગૃહસ્થો તેમજ યુવકો છોડાવવા પ્રયત્ન કરશે. અને આવા દયાહિન સાધુને યોગ્ય નશીયતે પહોંચાડશે કે જેથી બીજા સાધુઓ પણ આવું દયાહીન વર્તન કરતા અટકે.

## સુધારક લગ્ન

અમદાવાદના વતની અને મુંબઈમાં રહેતા શ્રી વજુભાઇ હઝરતના પુત્રી શ્રીમૃણાલિની હઝરત જેઓ નાગર છે તેમણે તાજેતરમાં મુંબઈ ખાતે અમદાવાદના વતની અને જાણીતા મીલ માલેક શેઠ હીરાલાલ ત્રીકમલાલના પુત્ર ચંદુલાલ બેન્કર સાથે લગ્ન કર્યાં છે.

## ગરીબ બાળાઓનો સાચો વાલી

સીકંદરાબાદ (નીઝામ)ના ધનવાન વેપારી ઉંવાલાનાગણુજીએ ૧૮ ગરીબ હિન્દુ કોમની કન્યાઓને પોતપોતાની જ્ઞાતિના યુવાનો સાથે લગ્ન કરાવી આપી તે કન્યાઓનાં સાચા વાલી બન્યા છે. આ કાર્ય માટે તેમને ધન્યવાદ ઘટે છે.

## હિન્દુ-પારસી લગ્ન.

પુનામાં એક જાણીતા હિન્દુ ડોકટરે એક પારસી કોમની યુવતી સાથે સિવિલ મેરેજ એક્ટ અનુસાર લગ્ન કર્યું છે.

## હરિજન ઉદ્ધારાર્થે રૂ. ૩ લાખ.

લાહોરની નાનક સાહેબ ગુરૂદ્વારા પ્રબંધક સમિતિએ હરિજન ઉધ્ધાર માટે ત્રણ લાખ રૂપીઆની રકમ જુદી કાઢી છે. એમ જણાય છે.

## વિધુરોએ વિધવા સાથેજ પરણવું.

બંગાળના શ્રી સૂર્યકુમારે વડી ધારાસભામાં એવું બીલ રજુ કરવાની નોટીસ આપી છે કે કોઇ પણ વિધુર કુંવારી કન્યાને પરણી શકશે નહિ. વિધુરોએ વિધવા સાથે જ લગ્ન કરવું. આ બીલ ધારાસભામાં પસાર થાય તો કેટલી કુમળી બાળાઓના ભવ બગડતા મટે અને વિધવાઓ ઠેકાણે પડે. આ બીલ પાસ થવાની ખાસ જરૂર છે.

## હિન્દુ-મુસ્લિમ લગ્ન

મિસ શશિલેખા ભંડારકરે બલરામપુર પરેટના કન્સોલીશન ઓફીસર ઇકબાલ અહમદશાહ સાથે ઇન્દોરમાં સ્નેહ લગ્ન કર્યું છે. બંને લખનૌમાં સાથે ભણતા હતા ત્યારથી પરિચય થયેલો. મીસ ભંડારકર બનારસની ગર્લ્સ સ્કુલમાં શિક્ષિકા છે. અને ઇન્દોરના માજી દિવાન વી. પી. ભંડારકરના પુત્રી અને હાલના ચીફ એન્જીનીઅર જી. પી. ભંડારકરના ભત્રીજી થાય છે. આવીજ રીતે મીસ ભંડારકરના ફોઇ માલતીબાઇએ પણ એક મુસ્લિમ સાથે લગ્ન કર્યું હતું.

## જામનગરમાં આંતરજાતિય લગ્ન.

ડો. કાલીદાસ બી. વિભાકરના પુત્રી અને સ્વ. નૃસિંહરાવ બી. વિભાકરના ભત્રીજી મીસ સ્નેહસુધાનું લગ્ન જામનગરના એક આગેવાન વપારી શેઠ લક્ષ્મીદાસ ઉત્તમચંદના પુત્ર અનંતરાવ સાથે બ્લેવેટસ્કી લોજમાં આર્યસમાજની વિધી પ્રમાણે કરવામાં આવ્યું છે. મિસ સ્નેહસુધા સોરઠીઆ વણિક જ્ઞાતિના છે. વરની ઉંમર વર્ષ ૨૭ અને વધુની ઉમર ૨૦ વર્ષની છે. આ લગ્નમાં ઘણી કોમના આગેવાન સ્ત્રી પુરૂષોએ હાજરી આપી હતી.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી, ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઈમાં છાપી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.